### મુસાફરો પાસેથી ડબલ રકમ લેવાયાની ચર્ચા

# બગસરામાં શ્રી રામકથા દરમિયાન એસ.ટી. તંત્રએ વધુ ભાડૂ વસુલ્યાનો આક્ષેપ

## મુસાફરોએ શ્રી રામકથામાં વધુ ભાડૂ ચુકવવું પડયું


તસ્વીર : સમીર વિરાણી-બગસરા



બગસરા, તા.૩૦

બગસરા ૪૬ વર્ષના લાંબા અંતર બાદ પૂજય મોરારીબાપુના મુખે મેઘાણી માનસ રામકથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું આ રામકથામાં લાખોની જન્મની ઉમટી પડી હતી ટ્રાફિક અને મુસાફરોની ભીડને ધ્યાનમાં રાખી બગસરા એસટી દ્વારા મુસાફરો પાસે લાંબા અંતરનું ભાડું લેવામાં આવેલ માત્ર ત્રણ કિલોમીટરથી પણ ઓછું અંતર હોવા છતાં તેને એકસપ્રેસ ભાડું લઈ લોકોને છેતર્યા.

મળતી માહિતી મુજબ બગસરા થી અમરેલી જતા પાણીયા સુધીનું ટિકિટ ભાડું ગણીએ તો ૨૦ રૂપિયા જેવું ટિકિટ થતું હોય છે ત્યારે બગસરા થી જેઠીયાવદર અથવા તો માંડવડા જતા હોય તેનું ટિકિટ ભાડું માત્ર ૧૧ રૂપિયા થતું હોય છે જેને એક્સપ્રેસ ભાડુ ગણી બગસરા એસટી ડેપો મેનેજર દ્વારા ૨૭૫૦ પેસેન્જર પાસેથી ડબલ પૈસા લઈ પેસેન્જર ને છેતરીયા છે બગસરા ના પેસેન્જરોમાં ઉગ્ર રોષ જોવા મળ્યો છે પેસેન્જર મનુભાઈ બગથળિયા એ આ બાબતે વિરોધ વ્યક્ત કર્યો હતો તેમણે મીડિયાને જણાવ્યું હતું કે આ રામકથામાં એસ.ટી વિભાગને તો સેવાકીય પ્રવૃત્તિ કરવી જોઈએ ફ્રી બસ ન ચલાવી શકે તો કાંઈ વાંધો નહીં પરંતુ નજીવા દરે લોકોને સુવિધા પુરી પાડવી જોઈએ પરંતુ ડેપો મેનેજર રે એસટી લોકોને સરળ કરવાને બદલે તેની પાસેથી ટિકિટના પૈસા ડબલ વસૂલ્યા હતા આ ઉપરાંત બીજા પણ અનેક પેસેન્જરોમાં પણ ઉગ્ર રોશ જોવા મળ્યો હતો આવું જ કરવું હતું તો રીક્ષાઓ વાળા તો ફેરા મારતા હતા અને મોટી ઉંમરના વૃદ્ધ લોકો એસટી ડેપો એથી તો રીક્ષા ફરી બાંધવી જપડે છે તો પેસેન્જરને આવક જાવક સપ્તાહમાં ડબલ ભાડું ચૂકવવું પડયું હતું તેમ લોકોમાં ડેપો મેનેજર ના આવા નિર્ણયોથી લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

### ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વિશાળ જળ સંમેલન યોજાશે

# અમરેલીમાં આવતીકાલે ૮૫ ગામોમાં ગુંજશે જળ સંચયનો નાદ : મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિ

## ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં પ્રયત્નોથી ઉત્તમ કાર્ય કરાશે






અમરેલી, તા. ૩૦

અમરેલી તાલુકાના સર્વાંગી વિકાસ અને પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા એક ઐતિહાસિક કદમ ઉઠાવવામાં આવ્યું છે. ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયાના અવિરત પ્રયત્નો, ગુજરાત સરકારના હકારાત્મક સહયોગ અને જેટકોના આર્થિક યોગદાનથી હવે અમરેલીના ૮૫ ગામોમાં એક સાથે જળ સંગ્રહના કાર્યો શરૂ થવા જઈ રહ્યા છે. આ ભગીરથ કાર્યના શુભારંભ પ્રસંગે આગામી ૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાણોસરા મુકામે એક વિશાળ જળ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ગીરગંગા પરિવાર ટ્રસ્ટ છેલ્લા ઘણા વર્ષોથી સૌરાષ્ટ્રના છેવાડાના ગામો સુધી જળ સંચયનું અભિયાન ચલાવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં હજારો ચેકડેમ ઊંડા, ઊંચા અને નવા કરવામાં આવ્યા છે અને તળાવોના પુનઃજીવિતકરણ દ્વારા ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવાના સફળ પ્રયાસો થયા છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતના ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવા માટે પાણીએ પાયાની જરૂરિયાત છે, તે મંત્ર સાથે ટ્રસ્ટના સ્વયંસેવકો રાત-દિવસ લોકજાગૃતિનું કામ કરી રહ્યા છે.

આ જળ સંમેલનમાં રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે તેમજ વિશેષ ઉપસ્થિત તરીકે ગુજરાત રાજયના ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયા હાજર રહેશે. આ પ્રોજેક્ટ અંતર્ગત ૮૫ ગામોમાં હિટાચી મશીનો દ્વારા તળાવો ઊંડા કરવા અને જળ સંગ્રહની ક્ષમતા વધારવા માટેના કાર્યોનો એક સાથે પ્રારંભ કરવામાં આવશે. યાદ રહે કે, અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકામાં હાલમાં ૪૫ જેટલા હિટાચી મશીનોથી જળસંચય માટેના કાર્યો થઈ રહ્યા છે જેમાં હવે વધુ ૮૫ હિટાચી મશીનોથી નવા જળસંચયના કાર્યોનો પ્રારંભ થશે.

તારીખ ૧ એપ્રિલના રોજ સવારે ૯ કલાકે ગામ-સણોસરા ખાતે યોજાનાર આ ભવ્ય જળ સંમેલનમાં અમરેલી તાલુકા અને જિલ્લાના ખેડૂતો અને ગ્રામજનોને ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

### વિકાસનાં કામે ગરીબ પરિવારોને પરેશાન ન થવા જોઈએ

# સાવરકુંડલામાં રિવરફ્રન્ટ બને તેનો કોઈને વાંધો ન હોય શકે પણ પાલાધારકોને વિશ્વાસમાં લેવા જરૂરી

## પદાધિકારીઓ અને અધિકારીઓ માનવતા દાખવે તે જરૂરી છે






સાવરકુંડલા, તા. ૩૦

રાજયભરમાં રિવરફ્રન્ટ અને સ્માર્ટ સિટીના પ્રોજેક્ટ્સનો વેગ વધી રહ્યો છે, ત્યારે સાવરકુંડલાની ઐતિહાસિક ઓળખ સમાન 'નાવલી' નદીના કાંઠે એક ગંભીર સામાજિક અને આર્થિક સંકટ ઊભું થયું છે. વર્ષોથી પરંપરાગત રીતે વેપાર કરતા 'પાલા' ધારકો પર આજે વિસ્થાપિત થવાની તલવાર લટકી રહીછે. અદાલતના નિર્ણય બાદ પ્રશાસન દ્વારા અપાયેલી બીજી નોટિસથી હજારો પરિવારોના ચૂલા ઓલવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

રિદ્ધિ-સિદ્ધિ ચોકથી રઝકાપીઠ સુધીના વિસ્તારમાં સૂચિત રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અત્યારે ભારે ચર્ચા અને વિવાદનો વિષય બન્યો છે. શહેરના વિકાસ માટે રિવરફ્રન્ટ આવકાર્ય છે, પરંતુ જે વિસ્તારમાં તેનું આયોજન થઈ રહ્યું છે, તેનાથી સ્થાનિક અર્થતંત્ર અને સેંકડો પરિવારોની રોજીરોટી છીનવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. આ પાલા હટાવવાથી અનેક પરિવારો રોજગારી વિહોણા થશે, જે તેમને શહેર છોડી અન્યત્ર સ્થળાંતર કરવા મજબૂર કરશે. સરકારના ''સૌનો સાથ, સૌનો વિકાસ''ના સૂત્ર સામે અહીં ગંભીર પ્રશ્નાર્થ ચિન્હો ઉભા થયા છે.

બુદ્ધિજીવીઓના મતે, રિદ્ધિ-સિદ્ધિ ચોકથી રઝકાપીઠ સુધીનો વિસ્તાર રિવરફ્રન્ટ કરતાં કોમર્શિયલ હેતુ માટે વધુ પ્રસ્તુત છે. સાવરકુંડલા એક મર્યાદાશીલ અને પરંપરાગત મૂલ્યો ધરાવતું શહેર છે. સતત ચહલપહલવાળા વ્યાપારી વિસ્તારમાં રિવરફ્રન્ટનો મૂળ હેતુ સિદ્ધ થશે કે કેમ તે એક મોટો સવાલ છે. જાણકારોનું સૂચન છે કે તંત્રએ ફરીથી ફિઝિબિલિટી રિપોર્ટ કરાવી, રિવરફ્રન્ટના વિસ્તારને શહેરના 'ઉપલે કાંઠે' વિસ્તરિત કરવા અંગે વિચારણા કરવી જોઈએ, જેથીમુખ્ય વ્યાપારી કેન્દ્રને નુકસાન ન પહોંચે.

ઉલ્લેખનીય છે કે, રાજવી કાળમાં નેક નામદાર મહારાજા સ્વ. કૃષ્ણકુમારસિંહજીએ પ્રજાના 'રોટલા અને ઓટલા'ની રક્ષા માટે આ પાલા ધારકોને મંજૂરી આપી હતી. અમુક ધારક પાસે મહારાજા દ્વારા અપાયેલ ' તાંબા પત્ર' જેવા દસ્તાવેજો પણ હોવાનું મનાય છે. ભૂતકાળમાં સ્વ. નવીનચંદ્ર રવાણી જેવા નેતાઓએ જેમના હિતોનું રક્ષણ કર્યું હતું, આજે તે વેપારીઓ ' ઈધર ખાઈ ઉધર કુવા' જેવી સ્થિતિમાં મુકાયા છે.

આ સંદર્ભે ગત રવિવારે સાવરકુંડલામાં યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં પાલા ધારકોએ જ્ઞાતિ અને સમાજના અગ્રણીઓ સમક્ષ પોતાની વ્યથા ઠાલવી હતી. સર્વાનુમતે તંત્રને જાહેર અપીલ કરવામાં આવી હતી કે શહેરની શોભા વધે તેની સામે વાંધો નથી, પરંતુ તે કોઈના મોઢાનો કોળિયો છીનવીને ન થવું જોઈએ. વધુમાં જણાવવાનું કે આ પાલા ધારકો છેલ્લા ત્રણ કે ચાર પેઢીથી અહીં વ્યવસાય કરીને પેટિયું રળે છે. ટાઢ, આકરો તડકો, ચોમાસા દરમિયાન નદીના પાણીના ભય સાથે પોતાના પરિવારને હસતો ખેલતો રાખવા અહીં સંઘર્ષ કરે છે. આ પાલા ધારકો કોઈ કરોડ પતિ ધનવાનો નથી સાવરકુંડલાને સજીવન રાખનારા એક આમ ઈન્સાન છે. વળી આ રોજગાર છીનવાતાં અનેક પરિવારો માટે ભરણપોષણની સમસ્યા પણ ઉપસ્થિત થશે. અને પછી મનેકમને સાવરકુંડલા શહેર છોડી રોજીરોટીની તલાશમાં અન્ય શહેરમાં હિજરત કરવા મજબૂર થશે. પરિણામે સાવરકુંડલાની એક નદી બઝાર કે જેની ઓળખ જ પાલા બઝાર તરીકે છે એની રોનક સંપૂર્ણ ઝાંખી પડશે. આ માનવીય પાસું પણ વિચારણા માંગી લે તેવું લાગે છે. જો કે આ હિજરત અને એ પણ રોજગારીની તલાશમાં આ પરિસ્થિતિનું દર્દ તો જેના પર વિતી હોય તે જ સમજી શકે. આ સમજવા માટે પણ સંવેદનશીલ હૈયું તો જોઈએ'ને? સાવરકુંડલા આસપાસના ૮૦ જેટલા ગામડાઓનું વ્યાપારી હાર્દ છે અને આ પાલા સામાજિક એકતાનું પ્રતીક છે. તંત્રએ લીઝ અને જમીન સંબંધિત ગૂંચવણોનો માનવીય અભિગમ સાથે સકારાત્મક ઉકેલ લાવવો જોઈએ.

## કિતની ખૂબસુરત યે તસ્વીર હૈ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા શહેરમાં સાંજ સમયે આકાશમાં ઘેરાયેલા વિશાળ વાદળલ પર સૂર્યકિરણોની સોનેરી છટા દેખાતા કુદરતનો અદ્ભૂત નજારો સર્જાયો.

### નાણાકીય વર્ષનાં છેલ્લે દિવસે PFMS સાઈટ ક્રેશ થતા

# બાબરા તાલુકાની શાળાઓના ઓનલાઈન ચુકવણા અટકાયા

## આચાર્ય સહિતનાં સ્ટાફમાં દોડાદોડી થઈ

બાબરા, તા. ૩૦


નાણાકીય વર્ષના છેલ્લા દિવસે ઓનલાઈન ચુકવણી માટે ઉપયોગમાં લેવાતી PFMS (Public Financial Management System)સાઈટ અચાનક ક્રશ થઈ જતા બાબરા તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓમાં આર્થિક વ્યવહારો અટવાઈ જવાના બનાવ સામે આવ્યા છે.


મળતી માહિતી મુજબ ૩૧ માર્ચ ૨૦૨૬ના રોજ બેંક રજા હોવા છતાં શાળાઓ દ્વારા વર્ષાતના વિવિધ ખર્ચના ઓનલાઈન પેમેન્ટ PFMS સાઈટ મારફતે કરવાની પ્રક્રિયા ચાલુ હતી. પરંતુ સવારે અંદાજે ૧૦ વાગ્યા પછી PFMS સાઈટ બંધ થઈ ગઈ હતી. અને બપોરે લગભગ ૧૨ વાગ્યાથી સાંજે ૪:૩૦ વાગ્યા સુધી સાઈટ સંપુર્ણપણે ક્રેશ રહેતા શાળાઓને ઓનલાઈન ચુકવણા કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

સાઈટ લાંબા સમય સુધી કાર્યરત ન રહેતા અનેક શાળાઓનાં પેન્ડિંગ પેમેન્ટ અટકી પડયા હતા. જેના કારણે શાળા આચાર્ય અને સંબંધિત સ્ટાફમાં ચિંતા જોવા મળી હતી. બાદમાં સાંજે લગભગ ૪ વાગ્યા પછી સાઈટ ફરી શરૂ થતા ધીમે ધીમે કામગીરી શરૂ થઈ હતી.

નાણાકીય વર્ષનાં છેલ્લા દિવસે આવી ટેકિનકલ સમસ્યા સર્જાતા બાબરા તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓમાં આર્થિક વ્યવહારોમાં અસ્તવ્યસ્ત સ્થિતિ સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે.

# સાવરકુંડલાના આભમાં કુદરતની અજબ લીલા : પ્રભાત અને સંધ્યાના 'અલભ્ય' રંગોમાં છુપાયેલો માવઠાનો સંકેત









પર્યાવરણમાં આવી રહેલા ઝડપી પરિવર્તનો વચ્ચે આજે સાવરકુંડલાના આકાશમાં કુદરતનું એક અદભૂત અને અલભ્ય રૂપ જોવા મળ્યું હતું. વહેલી સવારે ૬:૧૫ કલાકે સૂર્યોદયના સમયે અને સાંજે ૬:૩૦ કલાકે સૂર્યાસ્ત વેળાએ આકાશમાં જે રંગોની હોળી ખેલાઈ હતી, તે જોઈને નગરજનો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. જોકે, આ મનોહર દ્રશ્યોની પાછળ માવઠાની બદલાતી આશંકાઓ પણ સ્પષ્ટ દેખાઈ રહી છે. વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધીએ પોતાના કેમેરામાં આ બંને સમયના વિશિષ્ટ પરિદ્રશ્યોને કેદ કર્યા છે. સવારની એ આછી ગુલાબી ઠંડક અને સાંજની એ કેસરી આભા, વાતાવરણમાં થઈ રહેલા પલટાની ગવાહી આપી રહી છે. એક તરફ હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહી કરવામાં આવી છે, ત્યારે આકાશમાં સર્જાયેલા આ વિશિષ્ટ વાદળો અને રંગો ખેડૂતો અને સામાન્ય જનતા માટે કુદરતનો કોઈ અગમ્ય સંકેત હોય તેમ જણાય છે. બદલાતા પર્યાવરણીય પરિપ્રેક્ષ્યમાં આ તસવીરો માત્ર કુદરતી સૌંદર્ય જ નહીં, પણ પ્રકૃતિના બદલાતા મિજાજની પણ ઓળખ છે.

### માનવ સેવા અને પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ

# અકસ્માતમાં ઘાયલ દર્દીનો સામાન ૧૦૮નાં કર્મીઓએ સ્વજનોને સોંપ્યો

### ઈજાગ્રસ્ત યુવકનાં પરિવારજનોએ આભાર માન્યો



અમરેલી, તા.૩૦

ખાંભાથી ઉના રોડ ઉપર ચકરાવા ગામ પાસે રસ્તાની ગોળાઈમાં મોટરસાયકલ સ્લીપ થતા અકસ્માતમાં ઉના ગામના સોહિલભાઈ ઈકબાલભાઈ શેખ ઘાયલ થયા હતાં.

સરકારની ૧૦૮ ની સેવા દ્વારા સંખ્યાબંધ લોકોને ત્વરિત તબીબી સેવા પૂરી પાડી નવજીવન આપતી હોવાથી વિશ્વાસ અને ચોક્કસાઈનો પથાર્ય બની ગઈ છે. જાહેર માર્ગો પર અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને સારવાર આપતા સમયે તેમની સાથે કોઈ સગા સંબંધી હાજર નહીં હોય તે પરિસ્થિતિમાં તેમની પાસે રહેલ કિંમતી મુદામાલ સાચવીને રાખી લેવામાં આવે છે. જે દર્દીના પરિવારજનોને રૂબરૂ બોલાવી ૧૦૮ પરિવાર દ્વારા પરત કરાય છે.

૧૦૮ની ટીમ દ્વારા સારવારની સાથો – સાથ ફરજનિષ્ઠ કર્મીઓ દ્વારા તેમની સાથેના કિંમતી વસ્તુઓ સોંપવાનો એક પ્રેરણાત્મક કિસ્સા વિશે વિગતો આપતા ૧૦૮ ટીમના અમરેલી જિલ્લાના અધિકારી અમાનતઅલી નકવી એ જણાવ્યું હતું કે, ખાંભાથી ઉના રોડ ઉપર ચકરાવા ગામ પાસે રસ્તાની ગોળાયમાં મોટરસાયકલ સ્લીપ થઈ હતી, આ અકસ્માતમા ઘવાયેલ બાઈક ચાલકને સારવાર માટે ૧૦૮ માં જાણ કરાઈ હતી.

૧૦૮મા જાણ થતાંજ ખાંભા તેમની ટીમના ઈ.એમ.ટી. જીતેશ કલસરીયા અને પાયલોટ જયદીપ રેણુકા સાથે ગણતરીની મિનિટોમાં જ ઘટના સ્થળ પર પહોંચી ઘાયલ દર્દીને સારવાર પૂરીપાડી હતી. આ તકે તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર આપી હતી. અને ખાંભાની સરકારી હોસ્પિટલમા ખસેડયા હતા. ઈ.એમ.ટી.જીતેશ કલસરીયા અને જયદીપ રેણુકાએ દર્દી સોહિલભાઈ ઈકબાલભાઈ શેખના પરિવારજનોને જાણ કરી સરકારી હોસ્પિટલ ખાંભા ખાતે અંદાજીત રૂપિયા ૩૦૮૦ રોકડા, તેમજ જરૂરી ડોકયુમેન્ટ જેમ કે અલગ અલગ બેંકના એ.ટી.એમ. કાર્ડ, ક્રેડિટ કાર્ડ, આધાર કાર્ડ, પાનકાર્ડ, અને ૨–કીમતી મોબાઈલ ( iphone તેમજ Android ફોન) હોસ્પિટલમાં તેમના સગાને સુપરત કરવામાં આવ્યા હતા.

આ તકે ઘાયલના પરિવારજનોએ ૧૦૮ની ટીમની સરાહનીય કામગીરીથી પ્રભાવિત થઈ આભાર માન્યો હતો. તેમજ આવી ઉત્કૃષ્ટ અને પ્રામાણિક કામગિરી કરવા બદલ ૧૦૮ ના પ્રોગ્રામ મેનેજર કપિલ સોલંકી અને અમરેલી જીલ્લાના ૧૦૮ના અધિકારી અમાનતઅલી નકવી દ્વારા તેમને બિરદાવવામાં આવ્યા હતાં.

### પર્યાવરણની ઠેકઠેકાણે અવગણનાં થતી હોય, પરેશાની સામે આવી

# દામનગર-લીલીયા પંથકનાં ગ્રામ્ય વિસ્તારમાં ઉનાળાની આકરી ગરમી વચ્ચે કમોસમી વરસાદ

### જો કે કમોસમી વરસાદથી જગતાત ગણાતા ખેડૂતોનાં શ્વાસ અધરતાલ





અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે આજે ફરી એક વખત અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. જિલ્લાના છેવાડાના ગામોમાં સતત બીજા દિવસે કમોસમી વરસાદ ખાબકતા લોકોને ગરમીમાંથી થોડી રાહત મળી હતી.

દામનગર પંથકમાં આજે અચાનક વાદળછાયા માહોલ વચ્ચે વરસાદ શરૂ થયો હતો. દામનગર સાથે ઠાસા, સુવાગઢ, ભટ્ટવદર, મૂળીયાપાટ અને રાભડા ગામોમાં પણ વરસાદ વરસ્યો હતો.

જયારે લીલીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને એકલારા અને ઢાંગલા ગામોમાં ઝાપટાં પડતા ખેડૂતોમાં ચિંતા સાથે રાહતનો માહોલ જોવા મળ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે સાવરકુંડલા અને ખાંભા પંથકમાં કમોસમી વરસાદ બાદ આજે દામનગર અને લીલીયા વિસ્તારમાં વરસાદ વરસતા હવામાનમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે. અમરેલી જિલ્લામાં કાળઝાળ ગરમીથી ત્રસ્ત લોકો માટે વરસાદ રાહતરૂપ બન્યો છે, તો બીજી તરફ આ કસમયે પડતા વરસાદને કારણે ખેતી પાકોને નુકસાન થવાની ભીતિ ખેડુતોમાં ઊભી થઈ છે.

હવામાનમાં આવતો આ અચાનક ફેરફાર લોકોને આશ્ચર્યમાં મૂકતો હોય, આગામી દિવસોમાં પણ આવા બદલાવ ચાલુ રહેવાની શકયતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખની માંગ

# અમરેલીથી ભુરખીયા પગપાળા જતાં શ્રધ્ધાળુઓને સુરક્ષા પુરી પાડો

### જિલ્લા કલેકટર અને પોલીસ અધિક્ષકને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૩૦

અમરેલી ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ મનોજ ભટ્ટે જિલ્લા કલેકટર અને પોલીસ અધિક્ષકને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, આગામી ચૈત્ર સુદ પૂર્ણિમા ૨ એપ્રિલનાં રોજ હનુમાન જયંતિ નિમિત્તે આસ્થા અને શ્રધ્ધાથી આગળના દિવસે (બુધવારે) રાત્રીના પગપાળા ભુરખીયા હનુમાન દાદાના દર્શને હનુમાન જયંતિના દિવસે પહોંચી શકાય તેવી રીતે અમરેલીથી અંદાજીત ૫૦ હજાર પદયાત્રીઓ ભુરખીયા હનુમાન દર્શનાર્થે રવાના થતા હોઈ છે.

તો આગામી હનુમાન જયંતિના પવિત્ર તહેવાર દરમિયાન તા. ૧/૪/૨૬ ના રાત્રે ૭:૦૦ કલાકથી તા. ૨/૪/૨૬ સવારના ૬:૦૦ કલાક સુધી સુરક્ષા વ્યવસ્થા તેમજ ટ્રાફીક નિયમન અને વાહનો માટે રૂટ ફેરફાર કરી ટ્રાફિક બાયપાસ કરી ભુરખીયા હનુમાનજી મંદિરે જતા રસ્તે પદયાત્રીઓને સલામતી અને સુરક્ષા કરવા અંતમાં માંગ કરેલ છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

આપના શેરને લગતી મુંજવણોનું સચોટ સોલ્યુશન
IEPF માં ગયેલા શેર હવે પાછા મેળવો !
IEPF માં ટ્રાન્સફર થયેલા તમારા શેર ખાતરીપૂર્વક પરત મેળવી આપીએ છીએ
■ જુના શેર સર્ટિફિકેટનું ટ્રાન્સફર ■ બાકી રહેલા ડિવિડન્ટ મેળવવાની સેવા ■ શેર વારસાઈ (Transmission) પ્રક્રિયા પૂર્ણ ■ તમામ પ્રકારની શેર સંબંધિત માર્ગદર્શન ■ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે આજે જ સંપર્ક કરો ■ યોગ્ય માર્ગદર્શન સાથે સુરક્ષિત રોકાણ માટે રૂબરૂ મળો
SHYAM WEALTH CREATION
16-17, ... માર્કેટ સામે, અમરેલી વર્ધિલ સાવલિયા 99255 40007 - 99047 42662

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શું તમે હરસ, મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો, સહન ન કરો, સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS, MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
● હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
● જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
● રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
● ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
● નાસુર Pilo nidal sinus ની સારવાર
● ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
● પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
● મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ, ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

શું તમને સાંભળવાની તકલીફ છે ?
● નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
● બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
● વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
● જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
● પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363




લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
2 BHK
ચિત્તલ રોડ, ઓમનગર, શેરી નં. ૨, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)












### ૩૮,૯૪૯ પરિવારોને મળશે પોતાના નવા ઘરની ચાવી

# વડાપ્રધાન આજે ૧૯,૮૦૦ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતુમૂર્હત કરશે

## વાવ-થરાદ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત ભારત અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે એટલે કે, ૩૧મી માર્ચના રોજ વાવ-થરાદ ખાતેથી કુલ રૂ.૧૯,૮૦૬.૯ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં ભારત સરકારના ઊર્જા, માર્ગ, પરિવહન અને હાઈવે તેમજ રેલવે મંત્રાલયના રૂ.૧૦,૯૨૧ કરોડના તેમજ ગુજરાત સરકારના શહેરી વિકાસ, જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, GIDC, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન અને આદિજાતિ વિકાસ વિભાગના રૂ.૮૮૮૬ કરોડના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. વાવ-થરાદ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત ભારત અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લાના ખાવડા ખાતે વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી (RE) પાર્ક નિર્માણાધીન છે. આગામી ૩૧ માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાવડાના ઈઈ પાર્ક માટે ઊર્જા મંત્રાલય હેઠળના ૩ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ (કુલ રૂ.૩૬૪૫ કરોડના ખર્ચે) કરવા જઈ રહ્યા છે. આ પ્રોજેક્ટ્સ દ્વારા હજારો મેગાવોટ રિન્યુએબલ એનર્જીનું રાષ્ટ્રીય ગ્રીડ સાથે અસરકારક જોડાણ સુનિશ્ચિત કરવામાં આવશે. જેના કારણે હરિત ઊર્જાનો વ્યાપ વધશે અને ઊર્જા સુરક્ષા મજબૂત બનશે.

આ ઉપરાંત, ભારત સરકારના માર્ગ, પરિવહન અને હાઈવે મંત્રાલય હેઠળ ઈડર-બડોલી બાયપાસ ફોર લેન રોડ (રૂ.૭૦૫ કરોડના ખર્ચે) અને ધોળાવીરા-મૌવાણા-વોવા-સાંતલપુર સેક્શનનું (રૂ.૫૭૫ કરોડના ખર્ચે) ખાતમુહૂર્ત તેમજ અમદાવાદ-ધોલેરા પેકેજ ૧ રૂ.૧૨૯૮ કરોડના ખર્ચે, પેકેજ ૨ રૂ.૧૪૧૫ કરોડના ખર્ચે, પેકેજ ૩ રૂ.૧૦૩૪ કરોડના ખર્ચે અને પેકેજ ૪નું રૂ.૧૩૫૮ કરોડના ખર્ચે લોકાર્પણ કરવામાં આવશે.ભારત સરકારના રેલવે મંત્રાલયના રૂ.૮૯૧ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવશે, જેમાં હિંમતનગર-ખેડબ્રહ્મા બ્રોડગેજ લાઈન, ગાંધીધામ-આદિપુર વચ્ચે ક્વાડ્રપલિંગ અને રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટના ભાગરૂપે કાનાલુસ-જામનગર ડબલિંગ જેવા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ખેડબ્રહ્મા-હિંમતનગર-અસારવા ટ્રેનને ખેડબ્રહ્મા ખાતેથી લીલી ઝંડી આપવામાં આવશે. આમ, કુલ મળીને આ ભારત સરકારના આ ત્રણ મંત્રાલયો હેઠળ રૂ.૧૦,૯૨૧ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.આગામી ૩૧ માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત સરકારના વિવિધ વિભાગો હેઠળ કુલ રૂ.૮૮૮૬ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં શહેરી વિકાસ વિભાગ હેઠળ સૌથી વધુ રૂ.૫૨૯૫.૫ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે. શહેરી વિકાસ વિભાગના આ પ્રોજેક્ટ્સમાં મુખ્યત્વે અમદાવાદ અને ગાંધીનગર ખાતેના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે, જેમાં અમદાવાદ ખાતે ખારીકટ કેનાલનો વિકાસ, અમદાવાદ મહાનગરપાલિકાની BRTS અને AMTS બસ સર્વિસનું મોડર્નાઈઝેશન, હાલના સુભાષબ્રિજને તોડી નાખીને નવા ફોર લેન બ્રિજનું કન્સ્ટ્રક્શન, આર્થિક રીતે પછાત વર્ગો (EWS) માટે રહેણાંક ઘરોનું નિર્માણ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ઓડિટોરિયમ વગેરે જેવા પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

ગાંધીનગર ખાતે આર્થિક રીતે પછાત વર્ગો (EWS) માટે રહેણાંક ઘરોનું નિર્માણ, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગથી અડાલજ TSPS સુધી ખુલ્લા ખોદકામ (લંબાઈ = ૨૪૨૦ મીટર) અને માઈક્રોટનલિંગ (લંબાઈ = ૩૧૮૦ મીટર) દ્વારા ૧૮૦૦ મીમી ગટર ટ્રંક નાખવી, પેથાપુર ખાતે ૧૫ એમએલડી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કન્સ્ટ્રક્શન, રાંધેજા ખાતે ૪ તળાવોનું ઈન્ટરલિંકિંગ અને સ્ટોર્મ વોટર લાઈન નાખવાનું કામ વગેરે જેવા પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

શહેરી વિકાસ વિભાગ ઉપરાંત, ગુજરાત સરકારના જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, GIDC, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન, આદિજાતિ વિકાસ તેમજ ગ્રામીણ વિકાસ વિભાગના પણ વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે.વધુમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ગુજરાતના ૩૪ જિલ્લાઓમાં ૩૮,૯૪૯ આવાસોમાં નાગરિકોનો ગૃહપ્રવેશ કરાવશે, જેનાથી રાજ્યના ગ્રામીણ વિસ્તારના નાગરિકો માટે પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થશે.

---

### ભારતમાં મોટા આતંકી હુમલાનું કાવતરું નિષ્ફળ

# દિલ્હી બોર્ડર પરથી ઝડપાયો લશ્કર-એ-તૈયબાનો આતંકવાદી

## આ આતંકી બાંગ્લાદેશમાં રહીને પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIના ઈશારે લશ્કરનું નવું મોડ્યુલ તૈયાર કરી રહ્યો હતો

નવી દિલ્હી, તા.૩૦

સુરક્ષા એજન્સીઓએ દિલ્હી બોર્ડર પરથી લશ્કર-એ-તૈયબાના આતંકી શબ્બીર અહમદ લોનની ધરપકડ કરવામાં મોટી સફળતા મેળવી છે. તપાસમાં સામે આવ્યું છે કે, આ આતંકી બાંગ્લાદેશમાં રહીને પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIના ઈશારે લશ્કરનું નવું મોડ્યુલ તૈયાર કરી રહ્યો હતો. દિલ્હી પોલીસ અને સુરક્ષા દળોએ મળેલી ગુપ્ત માહિતીના આધારે જાળ બિછાવીને તેને દિલ્હી બોર્ડર પરથી દબોચી લીધો છે. તે ભારત વિરોધી પ્રવૃત્તિઓ કરવાના મિશન પર હતો. હાલ એજન્સીઓ તેની પૂછપરછ કરી રહી છે કે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં તેના અન્ય કેટલા સાથીઓ છુપાયેલા છે.

શબ્બીર અહમદ લોન સુરક્ષા એજન્સીઓ માટે નવું નામ નથી. આ અગાઉ વર્ષ ૨૦૦૭માં દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે તેને AK-47 અને ગ્રેનેડ જેવા ઘાતક હથિયારો સાથે પકડ્યો હતો. તે સમયે પણ તેના તાર સીધા હાફિઝ સઈદ સાથે જોડાયેલા હતા. આ ગુનામાં તે વર્ષ ૨૦૧૮ સુધી દિલ્હીની તિહાર જેલમાં સજા કાપી ચૂક્યો છે. જેલમાંથી બહાર આવ્યા બાદ તે ફરી સક્રિય થયો હતો અને બાંગ્લાદેશને પોતાનું નવું ઠેકાણું બનાવીને ભારત વિરોધી ઓપરેશન હેન્ડલ કરવા લાગ્યો હતો. નોંધનીય છે કે, છેલ્લા કેટલાક દિવસોમાં દિલ્હી અને દક્ષિણ ભારતમાંથી લશ્કરના અન્ય મોડ્યુલનો પણ પર્દાફાશ કરવામાં આવ્યો હતો. આ મોડ્યુલે દિલ્હી અને કોલકાતામાં અનેક જગ્યાએ ભારત વિરોધી પોસ્ટરો પણ લગાવ્યા હતા. આ આતંકીની ધરપકડથી દિલ્હી પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓને મોટી સફળતા મળી છે અને સંભવિત આતંકી ષડયંત્રોનો પર્દાફાશ થવાની શક્યતા છે.

---

### આખું વિજયવાડા હચમચી ઊઠ્યું!

# ૩૬ વર્ષથી જંગલમાં છુપાયેલા ખૂંખાર નક્સલી કમાન્ડરનું સરેન્ડર

## સુરક્ષા દળોને સફળતા : મોટા માઓવાદી કમાન્ડર સુરેશ સહિત ૯ નક્સલીઓએ આત્મસમર્પણ કરી દીધું છે

વિજયવાડા, તા.૩૦

નક્સલવાદના ખાતમાની ડેડલાઈન પૂરી થવાના માત્ર ૨૪ કલાક પહેલાં આંધ્રપ્રદેશમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. અહીં મોટા માઓવાદી કમાન્ડર સુરેશ સહિત ૯ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. આંધ્રપ્રદેશના વિજયવાડામાં આત્મસમર્પણ કરનાર ૯ નક્સલીઓમાંથી એકની કહાની ખાસ છે. માઓવાદી કમાન્ડર ચેલ્લુરી નારાયણ રાવ (ઉર્ફે સુરેશ) છેલ્લા ૩૬ વર્ષથી અંડરગ્રાઉન્ડ હતો.સુરેશ સીપીઆઈ (માઓવાદી)ની સેન્ટ્રલ કમિટીનો સભ્ય અને આંધ્ર-ઓડિશા બોર્ડર સ્પેશિયલ ઝોનલ કમિટીનો સેક્રેટરી પણ હતો. આત્મસમર્પણ (સરેન્ડર) કરનારા અન્ય ૮ સભ્યોમાં છત્તીસગઢ અને ઓડિશાના પ્લેટૂન કમાન્ડર તેમજ એરિયા કમિટીના સભ્યો સામેલ છે. બધાએ પોલીસ મહાનિર્દેશક (DGP) હરીશ કુમાર ગુપ્તા સમક્ષ આત્મસમર્પણ કર્યું છે.આંધ્રપ્રદેશ સરકારની 'સરેન્ડર નીતિ' અનુસાર તેમને આ આર્થિક સહાય આપવામાં આવશે: (૧) કમાન્ડર સુરેશને ૨૫ લાખ રૂપિયાની રકમ આપવામાં આવશે. (૨) જ્યારે અન્યને તેમની રેન્ક મુજબ ૧ લાખથી ૫ લાખ રૂપિયા સુધીનું ઈનામ મળશે. (૩) DGPએ તમામ ૯ સભ્યોને તાત્કાલિક રાહત તરીકે દરેકને ૨૦,૦૦૦-૨૦,૦૦૦ રૂપિયા રોકડા આપ્યા છે. પોલીસે આત્મસમર્પણ કરનાર કમાન્ડર સુરેશ અને અન્ય માઓવાદીઓ વિશે મોટા ખુલાસા કર્યા છે. સુરેશ આંધ્રપ્રદેશ, ઓડિશા અને છત્તીસગઢમાં થયેલા અનેક મોટા માઓવાદી હુમલાઓમાં સામેલ રહ્યો છે. તે ૨૦૧૮માં પૂર્વ ધારાસભ્ય સર્વેશ્વર રાવ અને પૂર્વ ધારાસભ્ય સોમેશ્વર રાવની હત્યાનો મુખ્ય આરોપી પણ હતો. સુરેશનું નામ પોલીસ ચોપડે ઘાતકી હુમલાઓ (એમ્બુશ)માં પણ જોડાયેલું છે. પોલીસે માઓવાદીઓ પાસેથી ભારે માત્રામાં હથિયારો જપ્ત કર્યા છે, જેમાં 1 INSAS રાઈફલ, 2 BGL હથિયારો, 5 '.303' રાઈફલ્સ, 5 SBBL ગન, ૬ સિંગલ-શોટ રાઈફલ્સ સામેલ છે. સાથે જ મોટી માત્રામાં વિસ્ફોટકો, કારતૂસો પણ જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસ મહાનિર્દેશક હરીશ કુમાર ગુપ્તાએ પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું કે, સાત અલગ-અલગ અથડામણમાં ૮ માઓવાદીઓ માર્યા ગયા છે, જેમાં ૩ ટોચના 'સેન્ટ્રલ કમિટી'ના સભ્યો હતા. પોલીસે ૮૧ માઓવાદીઓની ધરપકડ કરી છે અને ૧૦૬ અન્યોએ આત્મસમર્પણ કર્યું છે. DGPએ પુષ્ટિ કરી છે કે હવે આંધ્રપ્રદેશમાં અંડરગ્રાઉન્ડ માઓવાદી ગતિવિધિઓ 'શૂન્ય' થઈ ગઈ છે. એક અધિકારીનાં જણાવ્યા અનુસાર સરકારે નક્સલવાદ વિરુદ્ધ એકિકૃત, બહુ આયામી અને નિર્ણાયક રણનીતિ અપનાવી છે. જેનું એક ઉદાહરણ રેડ કોરિડોર ક્ષેત્રમાં સડકોનું નિર્માણ છે. એક સમયે આ ક્ષેત્ર પશુપતિથી તિરુપતિ સુધી ફેલાયેલું હતું. જેમાં બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા, મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશનાં કેટલાક ભાગો સામેલ હતાં જ્યાં કોન્ટ્રાક્ટરો કામ કરવાનો ઈનકાર કરતાં હતાં.કેન્દ્ર સરકારે બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ)ને પીપલ્સ લિબરેશન ગુરિલ્લા આર્મી (પીએલજીએ)ના મુખ્ય ક્ષેત્રોમાં સડકો બનાવવાનું કામ સોંપ્યું હતું. જેમાં વિદ્રોહનાં આ વિસ્તારોમાં પાંચ મુખ્ય સડકો અને છ મહત્ત્વપૂર્ણ પુલોનું નિર્માણ સામેલ હતું.

---

### રોકાણકારોના ૯.૪૩ લાખ કરોડ ધોવાયા

# સેન્સેક્સ મોટા કડાકા સાથે ૭૨ હજારની નીચે બંધ થયો

## સેન્સેક્સ ૨.૨૨% ઘટીને ૭૧,૯૪૭.૫૫ પર બંધ થયો હતો અને નિફ્ટી ઘટીને ૨૨,૩૩૧.૪૦ પર બંધ થયો

મુંબઈ, તા.૩૦

બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીએ આજે ૩૦ માર્ચે સતત બીજા સત્રમાં ભારે વેચવાલીના દબાણનો સામનો કરવો પડ્યો હતો. જેના કારણે સેન્સેક્સ ૨૬ મહિનામાં પ્રથમ વખત ૭૨ હજારની સપાટીથી નીચે બંધ રહ્યો અને રોકાણકારોને ૯.૪૩ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. આ ઘટાડાનું સૌથી મોટું કારણ ક્રૂડ ઓઈલના ભાવ ૧૧૫ ડોલર પ્રતિ બેરલની ઉપર પહોંચી જવું માનવામાં આવે છે. બીજી તરફ, રૂપિયામાં આવેલો મોટો ઘટાડો પણ મુખ્ય કારણ બન્યો હતો, જે ડોલર સામે પ્રથમ વખત ૯૫ ના સ્તરને પાર કરી ગયો હતો. આ સિવાય ઈંબીના ફોરેક્સ અંગેના નિર્ણય બાદ બેંકિંગ શેરોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. સાથે જ વિદેશી રોકાણકારો દ્વારા વેચવાલીનો સિલસિલો અટક્યો નથી, જેના કારણે શેરબજારમાં વધુ ઘટાડો જોવા મળી રહ્યો છે.૩૦ માર્ચે સેન્સેક્સ ૧,૬૩૫.૬૭ પોઈન્ટ્સ અથવા ૨.૨૨% ઘટીને ૭૧,૯૪૭.૫૫ પર બંધ થયો હતો અને નિફ્ટી ૪૮૮.૨૦ પોઈન્ટ્સ અથવા ૨.૧૪% ઘટીને ૨૨,૩૩૧.૪૦ પર બંધ થયો હતો. આશરે ૮૩૭ શેરોમાં વધારો નોંધાયો હતો, ૩,૪૧૯ શેરોમાં ઘટાડો થયો હતો અને ૧૩૮ શેરોમાં કોઈ ફેરફાર થયો ન હતો. ખાસ વાત એ છે કે સેન્સેક્સ ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪ પછી પ્રથમ વખત ૭૨ હજારની નીચે બંધ થયો છે. જેનો અર્થ છે કે સેન્સેક્સ લગભગ ૨૬ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો છે.નિફ્ટી ૫૦ અને સેન્સેક્સ બંનેમાં માર્ચ મહિનામાં લગભગ ૧૦.૫% નો ઘટાડો થયો છે. જેના કારણે આ ઈન્ડેક્સ માર્ચ ૨૦૨૦માં કોરોનાને કારણે આવેલા ભારે ઘટાડા પછી તેમના સૌથી ખરાબ મહિના તરફ આગળ વધી રહ્યા છે. તેનું મુખ્ય કારણ ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ અને ૧૨.૩ બિલિયન ડોલરની રેકોર્ડ માસિક વિદેશી મૂડીનો નિકાલ છે, જેણે રોકાણકારોના મનોબળને નબળું પાડ્યું છે.શેરબજારમાં ઘટાડાના ૬ મુખ્ય કારણો યુએસ-ઈરાન યુદ્ધનો ભય : ઈરાનમાં અમેરિકાના ગ્રાઉન્ડ ઓપરેશનની તૈયારી અને મધ્ય પૂર્વમાં ૨૦ વર્ષમાં સૌથી મોટી સૈન્ય તૈનાતીને કારણે યુદ્ધ લાંબુ ચાલશે તેવો ડર ઉભો થયો છે. ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો : મધ્ય પૂર્વમાં તણાવને કારણે બ્રેન્ટ ક્રૂડ ૧૧૫ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યું છે. જો હોર્મુઝ સ્ટ્રેટ બંધ થાય, તો ભાવ $200 સુધી જવાની ચેતવણી અપાઈ છે.

RBIનો નવો નિયમ : રિઝર્વ બેંકે બેંકોને ફોરેક્સ માર્કેટમાં તેમની પોઝિશન મર્યાદિત કરવાનો આદેશ આપતા બેંકિંગ સ્ટોક્સમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. રૂપિયાનું ઐતિહાસિક સ્તર : ભારતીય રૂપિયો નબળો પડીને ઈતિહાસમાં પહેલીવાર અમેરિકી ડોલર સામે ૯૫ના સ્તરને પાર કરી ગયો છે.વિદેશી રોકાણકારો (FII)ની વેચવાલી : વિદેશી સંસ્થાગત રોકાણકારો સતત ૨૦માં સત્રમાં વેચવાલ રહ્યા છે, જેનાથી બજારનું સેન્ટિમેન્ટ બગડ્યું છે.નિફ્ટીની માસિક એક્સપાયરી : આજે નિફ્ટીની માસિક એક્સપાયરી હોવાથી અને આવતીકાલે ૩૧ માર્ચે મહાવીર જયંતિની રજા હોવાથી બજારમાં ભારે અસ્થિરતા જોવા મળી હતી.

---

### LPG સંકટ વચ્ચે સરકારનો મોટો નિર્ણય

# હવે પેટ્રોલ પંપ પર ગેસ સિલિન્ડર પણ મળશે

## નવા નિયમો હેઠળ ૫ કિલોગ્રામના નાના સિલિન્ડર હવે રાજ્ય સંચાલિત ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલ દ્વારા સંચાલિત પેટ્રોલ પંપ પર મળશે

નવી દિલ્હી, તા.૩૦

ઈરાન અને અમેરિકાના વચ્ચેના સંઘર્ષને કારણે ભારતની ઓઈલ અને ગેસ આયાત મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી ગ્લોબલ સપ્લાય ચેઈન ખોરવાઈ છે. તેથી ઓઈલ અને ગેસ સંકટને ઉકેલવા માટે સરકારે છેલ્લા કેટલાક દિવસોમાં અનેક નિયમોમાં સુધારો કર્યો છે.

આ ફેરફારોમાં LPG સિલિન્ડરના દરોમાં ફેરફાર અને બુકિંગ સમયમર્યાદામાં ફેરફારથી લઈને પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો અને દાયકાઓથી મોટાભાગે ગાયબ થયેલ કેરોસીન પરત લાવવાનો પણ સમાવેશ થાય છે. આ યુદ્ધ સમયની કટોકટી વચ્ચે ભારતમાં ઓઈલ અને ગેસ સંબંધિત અસંખ્ય નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે. હવે બીજો એક મોટો સુધારો સામે આવ્યો છે. હવે પેટ્રોલ પંપ પર LPG સિલિન્ડર પણ મળશે.રવિવારે કેન્દ્ર સરકારે નિર્ણય લીધો કે રાશનની દુકાનો ઉપરાંત પેટ્રોલ પંપ પર કેરોસીન પણ મળશે. રાજ્ય સંચાલિત ઓઈલ કંપનીઓને તેમના પેટ્રોલ પંપ નેટવર્ક દ્વારા કેરોસીન વેચવાની પરવાનગી આપવામાં આવી હતી. હવે એક વધુ નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં LPG સિલિન્ડર પેટ્રોલ પંપ પર વેચવામાં આવશે. આજ સાંજથી નાના વાણિજ્યિક અને ઘરેલુ સિલિન્ડર ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ પર ખરીદી માટે ઉપલબ્ધ થશે. ગ્રાહકો આ ૫ કિલોગ્રામના સિલિન્ડર સીધા પેટ્રોલ પંપ પરથી ખરીદી શકશે.

ગેસ કટોકટી અને ગેસ એજન્સીઓની બહાર લાંબી કતારોથી જનતાને થતી મુશ્કેલીઓને દૂર કરવા માટે સરકારે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. સરકારે નાના કદના ગેસ સિલિન્ડર વેચવાની પ્રક્રિયા સરળ બનાવી છે. નવા નિયમો હેઠળ ૫ કિલોગ્રામના નાના સિલિન્ડર હવે રાજ્ય સંચાલિત ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલ દ્વારા સંચાલિત પેટ્રોલ પંપ પર મળશે. પેટ્રોલ પંપ માલિકો હવે ઘરેલુ અને વ્યાપારી બંને ૫ કિલોગ્રામના સિલિન્ડર વેચવા માટે અધિકૃત છે. જો કે, જ્યારે ઈન્ડિયન ઓઈલે સત્તાવાર રીતે આ સુવિધાની જાહેરાત કરી છે, ત્યારે સિલિન્ડર હજુ સુધી તેમના પેટ્રોલ પંપ પર ભૌતિક રીતે ઉપલબ્ધ નથી. પેટ્રોલ પંપના કર્મચારીઓના જણાવ્યા મુજબ, આ સિલિન્ડરો આજે સાંજથી પંપ પર મળવાની શક્યતા છે.

પેટ્રોલ પંપ પર ઉપલબ્ધ ૫ કિલોગ્રામના સિલિન્ડરની કિંમતો અલગ અલગ. જો તમે હાલના કનેક્શન વિના સીધા સિલિન્ડર ખરીદવા માંગતા હો, તો તમારે રૂ.૧,૪૭૬ ચૂકવવા પડશે. જો તમે નાના સિલિન્ડરને રિપ્લેસ કરીને નવો સિલેન્ડર લેવા માંગતા હો તો રૂ.૯૭૬ ચુકવવા પડશે. જો તમારે ફક્ત રિફિલ કરાવો છે, તો કિંમત રૂ.૫૮૬ હશે.

---

### રિસર્ચમાં ખુલાસો થયો

# મોબાઈલના વ્યસનના કારણે યોગ્ય રીતે ભોજન લેવા સહિતની મુશ્કેલીઓ વધી

## મોબાઈલના વધુ પડતા ઉપયોગને કારણે મૂડમાં ફેરફાર થાય છે તેની સીધી અસર દૈનિક ભોજન પર થાય છે

નવી દિલ્હી, તા.૩૦

જો તમે સ્માર્ટફોન પર કલાકો સુધી સમય પસાર કરતા હો તો તમારે સમયસર ચેતી જવાની જરૂર છે. એક સમયે માત્ર ફોન કરવાના હેતુથી વપરાતો મોબાઈલ ફોન આજે એટલો સ્માર્ટ બની ગયો છે કે તે હવે એક દર્પણ અને સાથીની જેમ કામ કરે છે. ઘણીવાર તે તમારી ટીકા પણ કરે છે. જેના કારણે તમારા ખાનપાન પર અને તમારી જાતને મૂલવવાની રીત પર અસર થાય છે. સ્માર્ટફોનની લતને કારણે લોકોમાં હવે ફૂડ એડિક્શન સહિતની ભોજન સાથે જોડાયેલી સમસ્યાઓ વધવા લાગી છે.જર્નલ ઓફ મેડિકલ ઈન્ટરનેટ રિસર્ચમાં પ્રકાશિત અભ્યાસમાં જણાવ્યા અનુસાર સ્માર્ટફોનના અયોગ્ય ઉપયોગ અને ખાનપાનની સમસ્યાઓના લક્ષણો વચ્ચે સ્પષ્ટ કડી રહેલી છે.

ખાનપાનની સમસ્યાઓમાં શરીર બાબતે અસંતોષ, લાગણીશીલ બની જવું અને ખાવાની લત પડવાની સમસ્યાનો સમાવેશ થાય છે. ૫૨,૦૦૦ યુવાનોને આવરી લેતો આ અભ્યાસ કરવા માટે પબમેડ અને એમ્બેઝ નામના ડેટાબેઝનો ઉપયોગ કરવામાં આવ્યો છે.વિવિધ દેશો અને વિવિધ વયજૂથના લોકોમાં આ સમસ્યા એકસમાન જણાઈ છે. આ અભ્યાસ અનુસાર જે લોકો તેમના સ્માર્ટફોન પર વધારે સમય ગાળતા હોય અને ટેવવશ અયોગ્ય રીતે સ્માર્ટફોનનો ઉપયોગ કરતાં હોય તેઓ તેમના શરીર બાબતે નકારાત્મક લાગણી અનુભવે છે અને તેમનું ખાનપાન અવ્યવસ્થિત બની જાય છે. લાગણીનો સંઘર્ષ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સતત તંગદિલી અનુભવવી, મૂડ ઉખડેલો રહેવો અને લાગણીઓ પર કાબૂ ન રહેવો જેવી સમસ્યાઓ વધારે પડતાં ફોનના ઉપયોગ અને ખાવાની સમસ્યાઓને જોડે છે. મોબાઈલના વધુ પડતા ઉપયોગને કારણે મૂડમાં ફેરફાર થાય છે તેની સીધી અસર દૈનિક ભોજન પર થાય છે.

---

### માર્ચમાં ૨.૯ લાખથી વધુ પીએનજી કનેક્શન અપાયા

# દેશમાં એલપીજી સંકટ વચ્ચે પેટ્રોલ પંપ પર કેરોસીનના વેચાણને મંજૂરી

## કેન્દ્ર સરકારે દરેક જિલ્લામાં બે પેટ્રોલ પંપોને ૫,૦૦૦ લીટર સુધીનું કેરોસીન રાખવા-વેચવાની છૂટ આપી

નવી દિલ્હી, તા.૩૦

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ભારતીય ધ્વજવાળા વધુ બે જહાજે સલામત રીતે હોર્મુઝની ખાડી પાર કરી દીધી છે અને તે આગામી કેટલાક દિવસમાં ભારતીય દરિયા કિનારે પહોંચી જવાની શક્યતા છે. આ જહાજો પર દેશની એક-બે દિવસની જરૂરિયાત પૂરી કરે તેટલો એલપીજી લદાયેલો છે. દેશમાં એલપીજીના સંકટનો સામનો કરવા સરકાર અનેક પગલાં લઈ રહી છે ત્યારે લાંબા સમય પછી બજારમાં કેરોસીનનું પુનરાગમન થયું છે. કેન્દ્ર સરકારે પેટ્રોલ પંપો પર કેરોસીનના વેચાણ માટે લાઈસન્સિંગના નિયમોમાં અસ્થાયી છૂટ આપી છે.દેશમાં કમર્શિયલ એલપીજીની અછત વચ્ચે કેન્દ્ર સરકારે ગેઝેટ નોટિફિકેશન જાહેર કરીને લોકોને કેરોસીન મળી રહે તે માટે પેટ્રોલિયમ સુરક્ષા, લાઈસન્સિંગના નિયમોમાં અસ્થાયી છૂટ આપી છે. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું છે કે કેરોસીનનો પૂરવઠો માત્ર ઘરેલુ ઉપયોગ જેમ કે ભોજન બનાવવા અને વીજળીના અભાવે પ્રકાશ ફેલાવવા માટે જ કરી શકાશે.કેન્દ્ર સરકારે ૨૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ૬૦ દિવસ માટે સુપીરિયર કેરોસિન ઓઈલના એડ-હોક પૂરવઠાને મંજૂરી આપી છે, જેથી જનતાએ ઈંધણની અછતનો સામનો કરવો ના પડે. આ ફેરફાર હેઠળ સરકારી ઓઈલ કંપનીઓ દ્વારા સંચાલિત પસંદગીના પેટ્રોલ પંપોને કેરોસિનનો સંગ્રહ કરવાની અને વિતરણ કરવાની મંજૂરી અપાઈ છે. આ પેટ્રોલ પંપો ૫,૦૦૦ લીટર સુધીનું કેરોસીન રાખી શકશે. સરકારે દરેક જિલ્લામાં મહત્તમ બે પેટ્રોલ પંપોને કેરોસીન રાખવાની છૂટ આપી છે. કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં તબક્કાવાર કેરોસીનનું વેચાણ બંધ કરી દીધું હતું. છેલ્લે ૨૦૨૦માં દિલ્હી, હરિયાણા અને ચંડીગઢમાં કેરોસીનનું વેચાણ બંધ કરીને સરકારે દેશને કેરોસીન મુક્ત જાહેર કર્યો હતો. દરમિયાન ભારતીય ધ્વજવાળા વધુ બે એલપીજી ટેક્રર યુદ્ધગ્રસ્ત હોર્મુઝની ખાડીમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ ગયા છે અને આગામી કેટલાક દિવસમાં ભારતીય બંદરો પર પહોંચી જશે. આ બંને જહાજ ૯૪,૦૦૦ ટન એલપીજી કાર્ગો લઈને આવી રહ્યા છે. એક જહાજ બીડબલ્યુ ટીવાયઆર ૩૧ માર્ચે મુંબઈ પહોંચે તેવી શક્યતા છે જ્યારે બીડબલ્યુ ઈએલએમ ન્યૂ મેંગલોર તરફ જઈ રહ્યું છે, જે એક એપ્રિલે આવે તેવી શક્યતા છે.

હોર્મુઝની ખાડીમાં ૪૮૫ ભારતીય નાવિકો સાથે ભારતીય ધ્વજવાળા હજુ ૧૮ જહાજ ફસાયેલા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એલપીજી કેરિયર જગ વિક્રમ, ગ્રીન આશા અને ગ્રીન સાન્વી હજુ પણ હોર્મુઝની ખાડીમાં છે અને એક ખાલી જહાજમાં એલપીજી ભરાઈ રહ્યો છે.દરમિયાન પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે જણાવ્યું કે, દેશમાં એલપીજી અને પેટ્રોલ-ડીઝલની કોઈ અછત નથી.

---

### નવા મુખ્યમંત્રી અંગે સસ્પેન્સ યથાવત

# બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે MLC પદ પરથી આપ્યું રાજીનામું

## સીએમ નીતીશ કુમારે બિહાર વિધાન પરિષદના સભાપતિ અવધેશ નારાયણ સિંહને પોતાનું રાજીનામું સોંપ્યું હતું

પટણા, તા.૩૦

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે વિધાન પરિષદના સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. સૂત્રોનું માનીએ તો સોમવાર, ૩૦ માર્ચની સવારના ૧૦.૦૦ વાગ્યાની આસપાસ સીએમ નીતીશ કુમારે બિહાર વિધાન પરિષદના સભાપતિ અવધેશ નારાયણ સિંહને પોતાનું રાજીનામું સોંપ્યું હતું. આગામી ૧૩ એપ્રિલ પછી તેઓ મુખ્યમંત્રી પદ છોડે તેવી પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. નીતીશ કુમાર જે અત્યાર સુધી બિહાર વિધાન પરિષદના સભ્ય હતા, તેમણે ૧૬ માર્ચના રોજ યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં જીત મેળવી હતી. નિયમો મુજબ, નીતીશ કુમારે સંસદ માટે ચૂંટાયાના ૧૪ દિવસની અંદર રાજ્ય વિધાનમંડળમાંથી રાજીનામું આપવાનું હતું. હવે સીએમ નીતીશ કુમારના રાજીનામાની સત્તાવાર જાહેરાત થોડી વારમાં કરવામાં આવશે. નીતીશ કુમારે રાજ્યસભાના સાંસદ બન્યા બાદ MLC પદેથી રાજીનામું આપી દીધું છે. આ પગલાથી હવે તેમના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવાનો રસ્તો પણ સાફ થઈ ગયો છે. તેઓ ગમે ત્યારે મુખ્યમંત્રી પદ પરથી પણ રાજીનામું આપી શકે છે. આ સ્થિતિમાં, રાજ્ય વિધાનસભા અથવા વિધાન પરિષદના સભ્ય ન હોવાના કિસ્સામાં નીતીશ કુમારે મુખ્યમંત્રી પદ પરથી પણ રાજીનામું આપવું પડશે.

રાજ્યસભાની સદસ્યતા અંગે બિહારના મુખ્યમંત્રીએ પોતાની સમૃદ્ધિ યાત્રા ના ૫ તબક્કા દરમિયાન આ બાબતે એક પણ શબ્દ કહ્યો નહોતો. આ યાત્રા ૨૬ માર્ચે પટનામાં સમાપ્ત થઈ હતી.

સમૃદ્ધિ યાત્રા દરમિયાન, બિહારના મુખ્યમંત્રીએ ૩૨ જિલ્લાઓમાં ૩૨ જનસભાઓને સંબોધિત કરી હતી, પરંતુ ક્યાંય પણ રાજ્યસભામાં જવા કે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાનો ઉલ્લેખ કર્યો નહોતો. જોકે, તાજેતરમાં સંપન્ન થયેલી રાજ્યસભાની ચૂંટણીમાં તેમણે ઉમેદવારી નોંધાવી હતી અને પ્રથમ વખત ઉપલા ગૃહના સભ્ય તરીકે ચૂંટાયા હતા.મુખ્યમંત્રી નીતીશ કુમાર ૩૦ એપ્રિલે રાજીનામું આપે તેવી માહિતી છે. આ પછી તેઓ પોતાની રાજ્યસભાની સદસ્યતા ગ્રહણ કરશે. નીતીશ કુમારના MLC પદેથી રાજીનામું આપ્યા બાદ હવે નવા સીએમ (મુખ્યમંત્રી) ને લઈને ચર્ચાઓ તેજ થઈ ગઈ છે.

### એક ભારતીયનું મોત

# મિડલ-ઈસ્ટ યુદ્ધઃ કુવૈતના પાવર સ્ટેશન પર ઈરાનનો હુમલો!

## અમેરિકા, ઇઝરાયેલ અને ઇરાન વચ્ચે ચાલી રહેલા આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ૩,૦૦૦ થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે

કુવૈત સિટી/તેહરાન, તા.૩૦

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધની આગમાં હવે પાડોશી દેશોને પણ ઝપેટમાં લીધા છે. ઈરાન દ્વારા કુવૈતના પાવર સ્ટેશન પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલાની ઘટનમાંમાં એક ભારતીય કામદારનું મોત નીપજ્યું હોવાનું કુવૈતના વીજ મંત્રાલયે પુષ્ટિ કરી હતી. હુમલામાં પાવર સ્ટેશનની ઈમારતને પણ ભારે નુકસાન થયું છે. બીજી તરફ, ઈરાની મીડિયાના અહેવાલ મુજબ ઈરાનના ઉત્તારી પ્રાંતમાં આવેલી તબરીઝ પેટ્રોકેમિકલની ફેસિલિટી પર પણ વળતો હુમલો કરવામાં આવ્યો હતો, જોકે સદનસીબે ત્યાંથી કોઈ જોખમી પદાર્થો લીક થયા નથી.લેબનોનમાં તૈનાત યુનાઈટેડ નેશન્સ ફોર્સે રવિવારે મોડી રાત્રે તેમના એક શાંતિ રક્ષકના મોતની પૃષ્ટી કરી હતી. સંયુક્ત રાષ્ટ્રના નિવેદન અનુસાર, એક ગોળા તેમના કેમ્પ પર પડતા આ ઘટના બની હતી. હાલ આ હુમલો કોણે કર્યો તે જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. નોંધનીય છે કે અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ૩,૦૦૦ થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.ઉલ્લેખનીય છે કે ઈરાન-અમેરિકા-ઈઝરાયલ યુદ્ધને એક મહિનાનો સમય થઈ ગયો છે. જો કે હવે ઈરાન વધુ આક્રમક થતું જોવા મળી રહ્યું છે. ઈરાનના સંયુક્ત સૈન્ય કમાન્ડના પ્રવક્તાએ સત્તાવાર રીતે જાહેર કર્યું હતું કે હવે અમેરિકા અને ઈઝરાયેલના અધિકારીઓના ખાનગી નિવાસો પણ ઈરાન માટે સત્તાવાર સૈન્ય લક્ષ્યાંકો ગણાશે. આ નિવેદન બાદ સમગ્ર ક્ષેત્રમાં ભયનો માહોલ છે અને યુદ્ધ વધુ વ્યાપક અને ભયાનક બનવાની ભીતિ સેવાઈ રહી છે.આ યુદ્ધમાં હવે હુતી બળવાખોરોની પણ એન્ટ્રીથી વિશ્વની ચિંતામાં વધારો થયો છે. જો હુતીઓ લાલ સમુદ્રમાં બાબ-અલ-મંડેબ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોને નિશાન બનાવવાનું શરૂ કરશે, તો વિશ્વના અંદાજે ૧૨ ટકા વેપાર પર તેની માઠી અસર પડી શકે છે. અમેરિકા અને ઈઝરાયેલ સતત ઈરાન પર હુમલા કરી રહ્યા છે, જ્યારે ઈરાન તેના વળતા હુમલાઓ દ્વારા ઈઝરાયેલ અને પડોશી અખાતી દેશોને નિશાન બનાવી રહ્યું છે, જે વૈશ્વિક શિપિંગ અને સપ્લાય ચેઈન માટે મોટું જોખમ ઊભું કરી રહ્યું છે.

### યુદ્ધ જેવા ગંભીર મુદ્દા પર રાજકારણ કરવું યોગ્ય નહીં

# યુદ્ધ અને સંકટ મુદ્દે સંસદમાં ચર્ચા થવી જોઈએ : પ્રિયંકા ગાંધી

## પ્રિયંકા ગાંધીએ વર્તમાન સંકટનો ઉલ્લેખ કરીને કહ્યું કે, જેમ જેમ યુદ્ધ લંબાઈ રહ્યું છે, તેમ તેમ સમસ્યા વધી રહી છે

નવી દિલ્હી, તા.૩૦

યુદ્ધના કારણે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંકટને લઈને કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે (૩૦ માર્ચ) વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કરી કહ્યું કે, યુદ્ધ જેવા મુદ્દે રાજકારણ કરવું યોગ્ય નથી. તેમણે સવાલ કર્યો છે કે, ખાડીમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે સરકારે શું યોજના બનાવી છે?

લોકસભા પરિસરમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન પ્રિયંકા ગાંધીનું કહેવું હતું કે, મધ્ય પૂર્વ બોંબ વરસી રહ્યા હોવાથી અનેક લોકોના જીવને ખતરો છે. આ મુદ્દે વડાપ્રધાન શું કરી રહ્યા છે, લોકોને સુરક્ષિત બહાર લાવવાનો પ્લાન શું છે? યુદ્ધ અને સંકટ જેવા મુદ્દાઓ પર રાજકારણ કરવું યોગ્ય નથી. આ ગંભીર સંકટ વચ્ચે આખો દેશ એકજૂટ છે, પરંતુ સમસ્યાનું સમાધાન લાવવું પણ જરૂરી છે. જો આ મુદ્દે સૂચનો જોઈએ કે સમાધાન લાવવું હોય તો તે માટે સંસદમાં ચર્ચા થવી જોઈએ.પ્રિયંકા ગાંધીએ વર્તમાન સંકટનો ઉલ્લેખ કરીને કહ્યું કે, જેમ જેમ યુદ્ધ લંબાઈ રહ્યું છે, તેમ તેમ સમસ્યા વધી રહી છે. આજે ગેસ સિલિન્ડર એટલા બધા મોંઘા થઈ ગયા છે કે, કોઈ ખરીદી શકતા નથી. ભવિષ્યમાં પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાશે. આવી સ્થિતિમાં સરકાર પાસે સમસ્યા ઉકેલવાનો શું પ્લાન છે?

રવિવારે કેરળમાં જનસભા સંબોધતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ખાડીમાં ચાલી રહેલા યુદ્ધની ભારત પર અસરો ઘટાડવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી તેઓ તમામ દેશોના નેતાઓના સંપર્કમાં છે અને ભારતીય નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા અપાઈ રહી છે. પ્રિયંકા ગાંધીના આરોપોના જવાબમાં પીએમ મોદીએ કોંગ્રેસ કટાક્ષ કરી કહ્યું કે, કોંગ્રેસના નિવેદનો ખાડીમાં રહેતા ભારતીયો માટે ખતરનાક છે. કોંગ્રેસ લગભગ એક કરોડ ભારતીયોનો જીવ જોખમમાં નાખીને રાજકીય લાભ ઉઠાવવા માંગે છે.

### લોકોને રસોઇ અને ઉજાસ માટે અગવડતા ન રહે તે માટે નિર્ણય

# ઊર્જા સંકટ વચ્ચે કેરોસીનનો પુરવઠો વધારવા સરકારનો નિર્ણય

## સરકારે નિયમિત ફાળવણી ઉપરાંત ૪૮,૦૦૦ કિલોલીટર કેરોસીન વધારાનું આપવાનો નિર્ણય કર્યો છે

નવી દિલ્હી, તા.૩૦

હોર્મુઝ સંકટ અને વૈશ્વિક ઊર્જા પુરવઠામાં આવેલા અવરોધો વચ્ચે ભારત સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે. સરકારે કેરોસીન એટલે કે ઘાસલેટનો સપ્લાય સરળ બનાવવા માટે નિયમોમાં છૂટછાટ આપી છે. આનો હેતુ એ છે કે જે વિસ્તારોમાં ગેસ કે વીજળીની અછત છે, ત્યાં લોકોને રસોઈ બનાવવા અને પ્રકાશ માટે તાત્કાલિક કેરોસીન મળી રહે.સરકારે જણાવ્યું કે પેટ્રોલિયમ સુરક્ષા અને લાયસન્સ સંબંધિત નિયમોમાં કામચલાઉ ધોરણે છૂટછાટ આપવામાં આવી છે. આનાથી ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જરૂરિયાત મુજબ કેરોસીનનો પુરવઠો પૂરો પાડવામાં આવશે. ઈરાન યુદ્ધના કારણે વિશ્વભરમાં ઊર્જા પુરવઠો પ્રભાવિત થઈ રહ્યો છે ત્યારે આ નિર્ણય લેવાયો છે. ભારત પણ તેની અસરોથી બચવા માટે ઉપાયો કરી રહ્યું છે.સરકારે નિયમિત ફાળવણી ઉપરાંત ૪૮,૦૦૦ કિલોલીટર કેરોસીન વધારાનું આપવાનો નિર્ણય કર્યો છે. આનાથી રાજ્યોને જરૂરિયાત મુજબ તાત્કાલિક સપ્લાય વધારવામાં મદદ મળશે. આ પગલું ખાસ કરીને એવા વિસ્તારો માટે મહત્વનું છે, જ્યાં રાંધણ ગેસની ઉપલબ્ધતા મર્યાદિત છે.સરકારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જણાવ્યું છે કે તેઓ જિલ્લાઓમાં એવા સ્થળોની ઓળખ કરે જ્યાં કેરોસીનની જરૂરિયાત વધુ છે. તેના આધારે વિતરણ કરવામાં આવશે, જેથી સપ્લાય યોગ્ય જગ્યાએ પહોંચે અને કોઈને મુશ્કેલી ન પડે.

### નોઈડા અંગે ખોટી માન્યતા પર બોલ્યા યોગી

# એવી માન્યતા હતી કે જે પણ મુખ્યમંત્રી નોઇડા જાય છે, તેમની ખુરશી જતી રહે છે

## આ અંધશ્રદ્ધાને કારણે ઘણા મુખ્યમંત્રીઓએ આખા કાર્યકાળ દરમિયાન નોઇડા જવાની હિંમત કરી નહોતી

નોઈડા, તા.૩૦

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે નોઈડામાં આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટની ભેટ આપ્યાના બીજા જ દિવસે એક કાર્યક્રમમાં જૂની યાદો તાજી કરી હતી. લખનઉમાં આયોજિત એક કાર્યક્રમમાં સંબોધન કરતા તેમણે જણાવ્યું હતું કે, અગાઉના સમયમાં નોઈડા શહેરને મુખ્યમંત્રીઓ માટે અપશુકનિયાળ માનવામાં આવતું હતું. એવી માન્યતા હતી કે જે પણ મુખ્યમંત્રી નોઈડા જાય છે, તેમની ખુરશી જતી રહે છે.

આ અંધશ્રદ્ધાને કારણે ભૂતકાળમાં ઘણા મુખ્યમંત્રીઓએ પોતાના આખા કાર્યકાળ દરમિયાન નોઈડા જવાની હિંમત પણ કરી નહોતી. જોકે, યોગી આદિત્યનાથે આ માન્યતાને ફગાવી દેતા કહ્યું હતું કે, જ્યારે મને ત્યાં જવાથી રોકવામાં આવ્યો, ત્યારે મેં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જો ખુરશી એક દિવસ જવાની જ હોય, તો તેના મોહમાં કેમ પડવું? તેઓ નોઈડા ગયા એટલું જ નહીં, પણ પોતાનો પહેલો કાર્યકાળ સફળતાપૂર્વક પૂર્ણ કરી ફરીથી રાજ્યના મુખ્યમંત્રી પણ બન્યા.મુખ્યમંત્રીએ નોઈડાની મુલાકાત દરમિયાન સામે આવેલા ગંભીર પ્રશ્નોની ચર્ચા કરતા જણાવ્યું કે, ત્યાં બિલ્ડરો અને ઘર ખરીદનારાઓ (બાયર્સ) વચ્ચે લગભગ ૪ લાખ જેટલા વિવાદિત કેસો વર્ષોથી અટવાયેલા હતા. અનેક લોકોએ પોતાની આખી જિંદગીની કમાણી બિલ્ડરોને આપી દીધી હતી, પરંતુ વર્ષો વીતવા છતાં તેમને ઘર મળ્યું નહોતું. જે-તે સમયે નોઈડા અને ગ્રેટર નોઈડા ઓથોરિટી પણ હજારો કરોડના દેવા નીચે દબાયેલી હતી. યોગી આદિત્યનાથે આ બાબતને ગંભીરતાથી લઈને નવી વ્યૂહનીતિ બનાવી અને વહીવટીતંત્રમાં સુધારા કર્યા. તેમણે ભ્રષ્ટ તત્ત્વોને બહાર કાઢ્યા અને બિલ્ડરોને કડક સૂચના આપી કે ગમે તે થાય, લોકોના ઘર મળવા જોઈએ. આ આક્રમક સુધારા અને યોગ્ય આયોજનનું પરિણામ એ આવ્યું કે આજે ઉત્તર પ્રદેશ સરકાર ૪ લાખ લોકોને તેમના હકનું ઘર અપાવી ચૂકી છે. જે ઓથોરિટી પહેલા દેવામાં ડૂબેલી હતી, તે આજે ૬ હજાર કરોડના નફામાં છે. મુખ્યમંત્રીએ ગર્વ સાથે જણાવ્યું કે આજે નોઈડામાં વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સૌથી વધુ રોકાણ આવી રહ્યું છે. આ દરમિયાન તેમણે અખિલેશ યાદવ પર કટાક્ષ કરતા કહ્યું કે, જે લોકો અગાઉ અંધશ્રદ્ધાને કારણે નોઈડા આવતા ડરતા હતા અને વિકાસના કામોમાં અડચણો ઊભી કરતા હતા, તેઓ આજે કયા મોઢે વિકાસની વાતો કરી રહ્યા છે! યોગી આદિત્યનાથે સ્પષ્ટ કર્યું કે તેઓ આસ્થામાં ચોક્કસ માને છે, પરંતુ અંધશ્રદ્ધામાં તેમને જરાય વિશ્વાસ નથી.

### ભારતમાં CCTV કેમેરાને લઈને મોટો નિર્ણય

# એપ્રિલથી ચીની CCTV કેમેરા પર લાગી શકે પ્રતિબંધ

## ૧ એપ્રિલથી Hikvision, Dahua અને TP-Link જેવી મોટી બ્રાન્ડ્સના સીસીટીવી કેમેરાના વેચાણ પર રોક લાગી શકે

નવી દિલ્હી, તા.૩૦

ભારતમાં **CCTV** કેમેરાને લઈને મોટો નિર્ણય સામે આવ્યો છે. આ નિર્ણય દેશની સુરક્ષા સાથે જોડાયેલો છે. જે કેમેરાને લોકો પોતાના ઘર અને ઓફિસની સુરક્ષા માટે લગાવી રહ્યા હતા, તે જ હવે જોખમનું કારણ બનતા દેખાઈ રહ્યા છે. આ દરમિયાન ભારત સરકાર કેટલીક લોકપ્રિય ચીની કંપનીઓના સીસીટીવી કેમેરા ભારતમાં પ્રતિબંધિત કરવાની તૈયારીમાં છે. તાજેતરમાં એ સામે આવ્યું છે કે, ભારતમાં લાગેલા સીસીટીવી કેમેરા સુરક્ષિત નથી. ત્યારબાદથી સરકાર એક્શનમાં જોવા મળી રહી છે. જોકે, દેશમાં કરોડો સીસીટીવી કેમેરા છે, એમાંથી કયા સુરક્ષિત છે અને કયા નહીં? ચાલો જાણીએ સરકારના આ નિર્ણયની શું અસર થશે જાણવા મળતી માહિતી મુજબ, છેલ્લા કેટલાક સમયથી ભારતમાં સીસીટીવીની સિક્યોરિટીને લઈને સવાલો ઉઠી રહ્યા છે. ભારતમાં મોટાભાગના સીસીટીવી કેમેરા જોખમમાં છે. તેનું કારણ માત્ર નબળી સિક્યોરિટી જ નહીં, પણ પોલિસી પણ છે. કારણ કે ભારતમાં બેરોકટોક ઓછી સિક્યોરિટી ધરાવતા ચીની સીસીટીવી કેમેરા વેચાઈ રહ્યા છે, જે લોકોની સુરક્ષા સાથે મોટી રમત છે. રિપોર્ટ અનુસાર, ૧ એપ્રિલથી **Hikvision, Dahua** અને **TP-Link** જેવી મોટી બ્રાન્ડ્સના સીસીટીવી કેમેરાના વેચાણ પર રોક લાગી શકે છે. તમને જણાવી દઈએ કે, આ ચીની કંપનીઓ છે. સરકાર એવા કેમેરાના ઉપયોગ અને ખરીદી પર રોક લગાવવાની તૈયારીમાં છે જે ધોરણો પર ખરા નથી ઉતરતા અને જેમાં સર્ટિફિકેશન નથી. આની અસર એવા કેમેરા પર પડશે જે નક્કી કરેલા સિક્યોરિટી ધોરણો મુજબના નથી. આ નિર્ણય પાછળનું એક મોટું કારણ તાજેતરની ઘટનાઓ પણ છે.

થોડા સમય પહેલા સામે આવ્યું હતું કે, દેશના કેટલાક રેલવે સ્ટેશનો પર લાગેલા **CCTV** કેમેરાની ફીડ પાકિસ્તાન સુધી પહોંચી રહી હતી. આ ખુલાસા બાદ સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ હતી. આના તરત જ બાદ સરકારે આદેશ જારી કર્યો હતો કે સરકારી કચેરીઓમાં હવે માત્ર એવા જ ઝઝ્રફ કેમેરા લગાવવામાં આવે, જે સંપૂર્ણપણે સુરક્ષિત અને પ્રમાણિત હોય.સરકારના આ પગલાની સીધી અસર એવા કેમેરા પર પડશે જે ચીનથી આવે છે અથવા જેનું સોફ્ટવેર વિદેશી કંપનીઓનું હોય છે. **Hikvision, Dahua** અને **TP-Link** જેવી મોટી બ્રાન્ડ્સ પર આની અસર જોવા મળી શકે છે, કારણ કે આ કંપનીઓના કેમેરા લાંબા સમયથી ભારતમાં મોટા પાયે ઉપયોગમાં લેવાઈ રહ્યા છે.આજકાલ મોટાભાગના **CCTV** કેમેરા ઈન્ટરનેટ સાથે જોડાયેલા હોય છે. એટલે કે તે માત્ર તમારા મોબાઈલ સાથે જ નહીં, પરંતુ કંપનીના સર્વર સાથે પણ કનેક્ટ રહે છે. જો કેમેરાનું સોફ્ટવેર અથવા સર્વર સુરક્ષિત નથી, તો તમારી જાણ બહાર તમારી વીડિયો ફીડ કોઈ અન્ય પાસે પણ પહોંચી શકે છે. આ જ જોખમને જોતા હવે સરકાર કડકાઈ કરી રહી છે. નવા નિયમો હેઠળ દરેક **CCTV** કેમેરાએ ટેસ્ટિંગ અને સર્ટિફિકેશન પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. આમાં હાર્ડવેર, સોફ્ટવેર અને ડેટા સિક્યોરિટી એમ તમામની તપાસ થશે. સર્ટિફિકેશન વગરના કેમેરા ભારતમાં વેચી શકાશે નહીં.

### એસોસિએશનના ટ્રેઝરરે જણાવ્યું

# કંપની તરફથી પેટ્રોલ ડિલરોને કેરોસીન વેચવાની કોઇપણ સૂચના મળી નથી

## કંપનીઓ તરફથી ડિલર્સને કોઈ સૂચના આપવામાં નહીં આવતા પેટ્રોલ પમ્પ ડિલર્સમાં અસમંજસની સ્થિતિ છે

અમદાવાદ, તા.૩૦

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે અને **LPG** ગેસનો પુરવઠો ખોરવાયો છે ત્યારે કેન્દ્ર સરકારે તો પેટ્રોલ પમ્પ પર કેરોસીનના વિતરણ મામલે **GR** બહાર પાડી દીધો છે પણ કેરોસીન વિતરણ ક્યારે થશે તે સ્પષ્ટ નથી. કારણ કે પેટ્રોલ પમ્પ પર કેરોસીન વિતરણની કંપનીઓ તરફથી ડિલર્સને કોઈ સૂચના આપવામાં નહીં આવતા પેટ્રોલ પમ્પ ડિલર્સમાં અસમંજસની સ્થિતિ છે. એટલું જ નહીં કેરોસીન કેટલી માત્રામાં આપવાનું તેની કિંમત અને કોને વિતરણ કરવાનું તે સૂચના મળી નથી.

હાલમાં કેન્દ્ર સરકારે પેટ્રોલ પમ્પ પર કેરોસીન વિતરણનો મહત્વનો નિર્ણય કર્યો છે પણ કેરોસીન વિતરણને લઈ પેટ્રોલ પમ્પ માલિકોમાં અસમંજસ છે. ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલિયમ ડિલર્સ એસોસિએશનના ટ્રેઝરર તનસુખ પરમારે જણાવ્યું કે ૨૯ માર્ચે સરકારે **GR** બહાર પાડ્યો છે તેમાં પેટ્રોલ પમ્પ પર કેરોસીન રાખવાની સૂચના આપી છે. પરંતુ કંપની તરફથી પેટ્રોલ ડિલરોને કોઈ સૂચના મળી નથી. એક-બે દિવસમાં કંપની અમને જાણ કરશે તેવું તેમણે જણાવ્યું છે.

તેમજ મહત્તમ ૫૦૦૦ લીટર સ્ટોરેજની નવા જીઆરમાં ઉલ્લેખ છે. પેટ્રોલ પમ્પ કેરોસીન બેરલ સ્ટોરેજ માટે પરમિશન જરૂરી હોય છે. એટલું જ નહીં પેટ્રોલ પમ્પ પર વિતરણ થનારા કેરોસીનની કિંમત સરકાર નક્કી કરશે અને પેટ્રોલ પમ્પ ડિલર્સે નક્કી કરેલા દર મુજબ વિતરણ કરવાનું રહેશે. પરંતુ અમને આ કેરોસીનનો જથ્થો કોને આપવો એ પણ જણાવવામાં આવ્યું નથી.

મહત્વનું છે કે હાલના વૈશ્વિક ઊર્જા પુરવઠા પર પડતા પ્રભાવને ધ્યાનમાં રાખીને, સરકારે ઘરેલુ ઉપયોગમાં રસોઈ અને પ્રકાશ માટે કેરોસીનનું તાત્કાલિક વિતરણ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. જેના માટે કેટલોક મહત્વની શરતો પણ લાગુ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે કેટલાક પેટ્રોલ પમ્પ માલિકોનું માનવું છે કે પેટ્રોલ પમ્પ પર કેરોસીનના જથ્થાનું વેચાણ શક્ય નથી. **PDS** કેરોસીન જે પહેલા સસ્તા અનાજની દુકાન પરથી લોકોને વિતરણ થતું હતું તો એ જગ્યાએ જ કેરોસીન વિતરણની વ્યવસ્થા સરકારે કરવી જોઈએ. છતાં સરકાર અને કંપની નિર્ણય લેશે તે પ્રમાણે કામ કરીશું.

### ચેકિંગ દરમિયાન લક્ઝરી કારમાંથી મળી ખેપ

# છાપરી ચેકપોસ્ટ પરથી કરોડોનો ગાંજો ઝડપાયો

## આ મામલે પોલીસે ત્રણ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી ડ્રગ્સ નેટવર્કની તપાસ તેજ કરી છે

અમદાવાદ,તા.૩૦

ગુજરાત અને રાજસ્થાનની સરહદ પરથી ફરી એકવાર નશાના કાળા કારોબારનો પર્દાફાશ થયો છે. **RICO** પોલીસે ગેરકાયદેસર ડ્રગ્સની હેરાફેરી વિરૂદ્ધ હાથ ધરેલી મોટી કાર્યવાહીમાં લક્ઝરી કારમાંથી કરોડોની કિંમતનો ગાંજો જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે ત્રણ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી ડ્રગ્સ નેટવર્કની તપાસ તેજ કરી છે.ઘટનાની મળતી માહિતી અનુસાર, પોલીસ અધિક્ષક **(SP)** પુષ્પેન્દ્ર સિંહ રાઠોડના કડક નિર્દેશો હેઠળ સરહદી વિસ્તારોમાં નાકાબંધી કરવામાં આવી હતી. આ દરમિયાન છાપરી ચેકપોઈન્ટ પર સ્ટેશન હાઉસ ઓફિસર **(SHO)** લક્ષ્મણ સિંહ ચંપાવતના નેતૃત્વમાં વાહનોનું સઘન ચેકિંગ ચાલી રહ્યું હતું. ત્યારે ત્યાંથી પસાર થતી એક શંકાસ્પદ લક્ઝરી કારને રોકી તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કારના ગુપ્ત ખાનાઓમાંથી ૨૦ કિલો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો મળી આવ્યો હતો, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત કરોડો રૂપિયા હોવાનું અનુમાન છે.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, આ નશાનો જથ્થો ઉત્તર પ્રદેશના કાનપુરથી લાવવામાં આવ્યો હતો અને તેને ગુજરાતના પાલનપુર સુધી પહોંચાડવાનો હતો. જોકે, પાલનપુર પહોંચે તે પહેલા જ પોલીસે બાતમીના આધારે આ ખેપ ઝડપી લીધી હતી. પોલીસે ડ્રગ્સ સાથે કારમાં સવાર ત્રણ શખ્સોની ધરપકડ કરી છે અને આ નેટવર્ક પાછળ અન્ય કયા મોટા માથાઓ સામેલ છે, તેની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. ગુજરાત સરહદે વધતી જતી માદક દ્રવ્યોની હેરાફેરીને રોકવા માટે પોલીસ હવે વધુ સતર્ક બની છે, અને આગામી દિવસોમાં અન્ય મોટા ખુલાસા થવાની શક્યતા છે.

# શાકભાજીના બિયારણ પર મળશે ૨૪,૦૦૦ની સબસિડી

## રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે ખાસ સબસિડી યોજના જાહેર કરવામાં આવી છે

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લામાં ખેડૂતો હવે પરંપરાગત ખેતી સાથે બાગાયત પાક તરફ વધુ વળ્યા છે. ખાસ કરીને શાકભાજીનું વાવેતર કરીને ખેડૂતો સારી આવક મેળવી રહ્યા છે. બજારમાં શાકભાજીના સારા ભાવ મળતા ખેડૂતોમાં ઉત્સાહ વધ્યો છે અને નવી ટેકનોલોજી સાથે ખેતી કરવાની પ્રવૃત્તિમાં પણ વધારો થયો છે.

હાલમાં હાઈબ્રિડ બિયારણના ઉપયોગથી ઉત્પાદન ક્ષમતા વધી છે, જેના કારણે ખેડૂતોને ઓછા સમયમાં વધુ પાક મળે છે. આ બિયારણો રોગપ્રતિકારક શક્તિ ધરાવતા હોવાથી પાકની ગુણવત્તા પણ સારી રહે છે. પરિણામે બજારમાં સારી કિંમત મળવાથી ખેડૂતોને આર્થિક રીતે મજબૂતી મળી રહી છે.બાગાયત વિભાગના અધિકારી કે.એમ. કરમુરએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યમાં બાગાયત પાકનો વ્યાપ સતત વધી રહ્યો છે અને અમરેલી જિલ્લામાં પણ ખેડૂતો મોટા પ્રમાણમાં શાકભાજીનું વાવેતર કરી રહ્યા છે. સરકાર દ્વારા ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે વિવિધ સબસિડી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે.

ખાસ કરીને હાઈબ્રિડ શાકભાજી બિયારણ માટે સરકાર દ્વારા સબસિડી આપવામાં આવે છે. આ યોજના હેઠળ કુલ ૧૫ પ્રકારના શાકભાજી પાકોને આવરી લેવામાં આવ્યા છે. ખેડૂતોને પ્રતિ હેક્ટર રૂપિયા ૬૦,૦૦૦ના યુનિટ કોસ્ટ સામે રૂપિયા ૨૪,૦૦૦ની સહાય આપવામાં આવે છે. આ સહાય ખેડૂતો માટે મોટી રાહત સાબિત થઈ રહી છે અને વધુ ખેડૂતોને આધુનિક ખેતી તરફ આકર્ષિત કરી રહી છે.

ખેડૂતોને આ યોજનાનો લાભ મેળવવા માટે ઓનલાઈન નોંધણી કરવાની રહેશે. બાગાયત અને ખેતીવાડી વિભાગ દ્વારા સબસિડી માટેનો પોર્ટલ ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ માટે નોંધણી કરવાની છેલ્લી તારીખ ૨૭ એપ્રિલ ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. આ યોજના દ્વારા ખેડૂતોને આધુનિક બિયારણ અપનાવવા માટે પ્રોત્સાહન મળે છે, જેના કારણે ઉત્પાદન વધે છે અને આવકમાં વધારો થાય છે. અમરેલી જિલ્લામાં બાગાયત પાકનો વિકાસ ખેડૂતોના જીવનસ્તરને સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે.

### રાજ્યના વાતાવરણમાં આવશે પલટો

# હવામાન વિભાગે રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરી

## સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમની પણ અસર થશે રાજ્યના અનેક જિલ્લાઓના વાતાવરણમાં પલટો આવશે

અમદાવાદ,તા.૩૦

ગુજરાતના વાતાવરણમાં ફરી એક વખત પલટો આવશે. હવામાન વિભાગે રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં ભર ઉનાળે હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. આગામી ૫ એપ્રિલ સુધી વાતાવરણમાં પલટો રહેશે. આજે પણ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં આજે વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ, પવનના ભારે તોફાન અને વિજળીના કડાકા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ લાઈનના કારણે વરસાદની આગાહી કરવામાં આવી છે. સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમની પણ અસર થશે. રાજ્યના અનેક જિલ્લાઓના વાતાવરણમાં પલટો આવશે. હવામાન વિભાગે અનેક જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ સક્રિય હોવાથી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. મધ્ય ગુજરાતમાં પણ વાદળછાયું વાતાવરણ રહેશે. હવામાન વિભાગે આજે અમદાવાદ શહેરમાં હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં આજે વાદળછાયું વાતાવરણ રહેશે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ, દાહોદ, મહીસાગર, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલી, સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર, મોરબી, દ્વારકા અને કચ્છમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય ૨ અને ૩ એપ્રિલે પણ ફરી વાતાવરણમાં પલટા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૦૨૬ માં પ્રી-મોન્સૂન સીઝનના આગમન સાથે ઘણા રાજ્યોમાં વરસાદ ફરી શરૂ થયો છે. પ્રી-મોન્સૂનની દેશ પર અસર પડશે. પરિણામે, ભારતીય હવામાન વિભાગ **(IMD)** એ આગામી ચાર દિવસ માટે ઘણા રાજ્યો માટે ભારે વરસાદની ચેતવણી જારી કરી છે.

દેશના ઘણા ભાગોમાં પ્રી-મોન્સૂન અસર જોવા મળશે. પરિણામે, હવામાન વિભાગે આગામી ચાર દિવસમાં ઉત્તર પશ્ચિમ ભારત, પૂર્વ અને મધ્ય ભારત, દક્ષિણ ભારત, પશ્ચિમ ભારત અને ઉત્તરપૂર્વ ભારતના ઘણા ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ માટે ચેતવણી જારી કરી છે. આ સમયગાળા દરમિયાન, ઘણી જગ્યાએ ભારે પવન, વીજળી અને કરા પડવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

### શ્રીલંકાના સાંસદ નેતા નમલ રાજપક્ષાએ ભારતનો આભાર માન્યો

# ભારતે સંકટના સમયે શ્રીલંકાને ૩૮ હજાર ટન પેટ્રોલિયમની સહાય કરી

નવી દિલ્હી, તા.૩૦

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને કારણે વૈશ્વિક સ્તરે તેલ પુરવઠાને લઈને ચિંતા વધી રહી છે. આવી કટોકટીની સ્થિતિમાં ભારત ફરી એકવાર પડોશી દેશ શ્રીલંકાની મદદે આવ્યું છે. શ્રીલંકાના સાંસદ અને નેતા નમલ રાજપક્ષાએ મુશ્કેલ સમયમાં ૩૮,૦૦૦ ટન પેટ્રોલિયમની સમયસર આપૂર્તિ કરવા બદલ ભારત સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સોશિયલ મીડિયા દ્વારા હૃદયપૂર્વક આભાર માન્યો છે. નમલ રાજપક્ષાએ જણાવ્યું હતું કે ભારત હંમેશા શ્રીલંકા માટે 'ફર્સ્ટ રિસ્પોન્ડર' એટલે કે સૌથી પહેલા મદદ કરનાર દેશ રહ્યો છે. જરૂરી ચીજવસ્તુઓની સપ્લાય હોય કે આર્થિક સહાય, ભારતે હંમેશા પોતાની 'પડોશી પ્રથમ'ની નીતિનું સચોટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે આ ક્ષેત્રની ઉન્નતિ માટે તમામ દેશોએ વ્યૂહાત્મક ભાગીદારો તરીકે સાથે મળીને કામ કરવું અત્યંત અનિવાર્ય છે.રાજપક્ષાએ શ્રીલંકાની સરકારને ભારતની આર્થિક નીતિઓમાંથી શીખ લેવા પણ આગ્રહ કર્યો છે. તેમણે ખાસ કરીને ભારતના 'ફ્યુઅલ ટેક્સ એડજસ્ટમેન્ટ' મોડલનો ઉલ્લેખ કર્યો, જેમાં ભારતે એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરીને બજારને સ્થિર રાખવાનો પ્રયાસ કર્યો હતો.

# બાબરામાં મેલડી મા નાં મંદિરે કોંગ્રેસ પક્ષનો જનસંવાદ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેરમાં આવેલ મેલડીમાં મંદિરે બાબરા શહેર અને તાલુકા કોંગ્રેસના સંયુક્ત ઉપક્રમે વિશાળ જનસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં શહેર અને તાલુકા કોંગ્રેસના કાર્યકરો, આગેવાનો તથા સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બાબરા શહેર કોંગ્રેસના નવ નિયુક્ત પ્રમુખ ચિતરંજનભાઈ છાટબાર અને તાલુકા કોંગ્રેસના નવ નિયુક્ત પ્રમુખ ધીરૂભાઈ વહાણીનું જિલ્લા કોંગ્રેસના આગેવાનો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જેનીબેન ઠુમર, વિરોધ પક્ષના પૂર્વ નેતા પરેશભાઈ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય ઋત્વિકભાઈ મકવાણા, કનુભાઈ બારૈયા, લાઠી વિધાનસભાના પ્રભારી મનસુખભાઈ ઝાપડિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શહેર કોંગ્રેસ પ્રમુખ ચિતરંજનભાઈ છાટબાર, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ધીરૂભાઈ વહાણી, દિલીપભાઈ ખાચર, યુથ કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ ઝાપડિયા, જસમતભાઈ ચોવટિયા, બાવાલાલ હિરપર, નરેશભાઈ અધ્યારૂ સહિત તાલુકા અને શહેરમાંથી મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા. જનસંવાદ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત આગેવાનો દ્વારા જનતાને સંબોધતા રાજય સરકાર અને કેન્દ્ર સરકારની નીતિઓ પર આકરા પ્રહાર કરવામાં આવ્યા હતા. સાથે જ આવનારા સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ જેવી કે નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ ભવ્ય વિજય મેળવશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતે કોંગ્રેસના કાર્યકરોમાં નવા ઉત્સાહ અને સંગઠન મજબૂત બનાવવા માટે સંકલ્પ લેવાયો હતો.

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને અનુલક્ષીને

## અમરેલી તાલુકાનો પ્રવાસ શરૂ કરતા તાલુકા કોંગ્રેસ પ્રમુખ વિપુલ પોંકિયા

### ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો મોરચો સંભાળતા કોંગ્રેસ નેતા મનિષ ભંડેરી



અમરેલી, તા. ૩૦

ગણતરીના દિવસોમાં જ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ આવી રહી હોય ત્યારે અમરેલી તાલુકા કોંગ્રેસના નવ નિયુકત પ્રમુખ વિપુલ પોંકીયા દ્વારા અમરેલી તાલુકાનો તાલુકા પંચાયતની સીટ વાઈઝ પ્રવાસ શરૂ કરવામાં આવ્યો છે, આ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો મોરચો કોંગ્રેસ નેતા મનિષ ભંડેરીએ સંભાળ્યો છે, જેના ભાગરૂપે ચિતલ તાલુકા પંચાયત સીટ અને જશવંતગઢ તાલુકા પંચાયત સીટની મીટીંગ ચિતલ ખાતે યોજવામાં આવી હતી, જેમાં તાલુકા પંચાયત સીટના મહત્વના આગેવાનો સાથે મીટીંગ કરવામાં આવી હતી, આ મીટીંગમા કોંગ્રેસ પક્ષના મુખ્ય આગેવાનો સાથે બેઠક યોજી ઉમેદવારની પસંદગી કરવી અને ચુંટણીની રણનીતિ નક્કી કરવાં માટે ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી, આ મીટીંગમાં તાલુકા કોંગ્રેસના ઉપપ્રમુખ રવજીભાઈ મકવાણાએ કોંગ્રેસ પક્ષના આગેવાનોને કોંગ્રેસ પક્ષના જે કોઈ ઉમેદવાર આવે તેને જીતાડવા માટે કામે લાગી જવાની હાંકલ કરી હતી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ વિપુલ પોંકીયા દ્વારા ઉમેદવારોની પસંદગી કરવાની જવાબદારી સ્થાનિક આગેવાનોને સોંપવામાં આવી છે, આ મીટીંગને સફળ બનાવવાની જહેમત રવજીભાઈ મકવાણાએ ઉઠાવી હતી, આ મીટીંગમા કોંગ્રેસ પક્ષના ફાયર બ્રાન્ડ નેતા મનિષ ભંડેરીએ પોતાની આગવી છટામાં આગેવાનોમાં નવો જુસ્સો ભરવાનું કામ કર્યુ હતું, આ મીટીંગમા કોંગ્રેસ પક્ષના મુખ્ય આગેવાનો રવજીભાઈ મકવાણા, કૃષ્ણસીહજી સરવૈયા, બાબુભાઈ દેસાઈ, લાલજીભાઈ માંગરોળીયા, વિનુભાઈ દેસાઈ, પી.કે. અસલાલીયા, બાબુભાઈ માંગરોળીયા, જાહીરભાઈ કાળવા વગેરે ઉપસ્થિત રહ્યા હતા આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રજાકભાઈ મુલ્તાની દ્વારા કરવામાં આવ્યું હતું.

### પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં મીતીયાળામાં

ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

આજે નોંધાયેલ આંચકો ૨.૬ની તીવ્રતાનો હોવાનું જાણવા મળ્યું છે. સતત બીજા દિવસે પણ ધરતી ધ્રુજતા સ્થાનિકોમાં ચિંતા અને ભય વધ્યો છે. મીતીયાળા ઉપરાંત ભાડ, વાંકિયા સહિત આસપાસના ગામોમાં પણ આંચકાનો અનુભવ થયો હતો જેના કારણે લોકો પોતાના ઘરમાંથી બહાર નીકળી આવ્યા હતા.

સ્થાનિક લોકોમાં ચર્ચા ચાલી રહી છે કે, ત્રણ વર્ષ પહેલા પણ આ વિસ્તારમાં સતત ભૂકંપના આંચકા અનુભવાયા હતા અને હવે ફરીથી એવી જ સ્થિતિ સર્જાતી હોવાના સંકેતો મળી રહ્યા છે. ગીર વિસ્તારના ગ્રામ્ય વિસ્તારોમાં ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ બનાવ અંગે ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી વિભાગે પણ ભૂકંપના આંચકાની પુષ્ટિ કરી છે. હાલ કોઈ જાનહાની કે મોટા નુકસાનના સમાચાર નથી પરંતુ સતત આવી રહેલા આંચકાઓને કારણે લોકોમાં દહેશત ફેલાઈ છે. પ્રશાસન ધ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.



**Name has been changed**

I hereby declarer, **Indiraben Dhirajlal Makwana.** My old name is **Indiraben Dhirajlal Makvana** has been replaced by **Indiraben Dhirajlal Makwana**. So henceforth I am known by this name.



અમરેલી લેઉવા પટેલ ટ્રસ્ટ
જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સલેન્સ
ગર્લ્સ સ્કૂલ – પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
-Ad236


## ભગવાન મહાવીર સ્વામીનું જીવન ચાલો સરળ રીતે સમજીએ



અમરેલી, તા. ૩૦

ભગવાન મહાવીર જૈન ધર્મના ૨૪મા તીર્થંકર હતા. તેમનો જન્મ ઈ.સ.પૂર્વે ૫૯૯માં બિહારના વૈશાલી પાસે કુંડલપુરમાં થયો હતો. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ રાજા અને માતાનું નામ ત્રિશલાદેવી હતું. બાળપણમાં તેમનું નામ "વર્ધમાન" હતું, કારણ કે તેઓ ખૂબ જ બહાદુર અને ધીરજવાળા હતા.

બાળપણથી જ તેઓ શાંત સ્વભાવના હતા. રાજવી પરિવારમાં જન્મ્યા હોવા છતાં, તેમને વૈભવમાં કોઈ રસ નહોતો. લોકો દુઃખી થાય, પ્રાણીઓને પીડા થાય એ જોઈને તેઓ અંદરથી ખૂબ જ વ્યથિત થતા.

૩૦ વર્ષની ઉંમરે તેમણે ઘર, સંપત્તિ અને પરિવાર બધું છોડી દીધું. આ ઘટના તેમના જીવનનો મોટો વળાંક હતો. તેમણે સંન્યાસ લીધો અને સત્યની શોધમાં નીકળી પડ્યા.

લગભગ ૧૨ વર્ષ સુધી તેમણે કઠોર તપસ્યા અને સાધના કરી. આ દરમિયાન તેમણે મૌન રાખ્યું, મુશ્કેલ પરિસ્થિતિઓ સહન કરી અને પોતાના મનને સંપૂર્ણ નિયંત્રિત કર્યું. અંતે, તેમને "કેવલ જ્ઞાન" પ્રાપ્ત થયું એટલે સંપૂર્ણ જ્ઞાન. ત્યાર પછી તેઓ "મહાવીર સ્વામી" તરીકે જાણીતા બન્યા.

**તેમણે લોકોને સરળ પણ શકિતશાળી ઉપદેશ આપ્યા :** અહિંસા (કોઈ જીવને દુઃખ ન આપવું), સત્ય (હંમેશા સત્ય બોલવું), અસ્તેય (ચોરી ન કરવી), બ્રહ્મચર્ય (ઈન્દ્રિયો પર નિયંત્રણ), અપરિગ્રહ (લોભ ન રાખવો), તેમનો મુખ્ય સંદેશ હતો : "જીવો અને જીવવા દો" મહાવીર સ્વામીએ પોતાના જીવનથી બતાવ્યું કે સાચી શકિત હિંસા નહીં, પણ સહનશીલતા અને કરૂણામાં છે. ૭૨ વર્ષની ઉંમરે, પાવાપુરીમાં તેમણે નિર્વાણ પ્રાપ્ત કર્યું.

આજે પણ તેમનું જીવનઆપણને શીખવે છે કે સરળતા, દયા અને સત્યથી જ સાચી શાંતિ મળે છે.

**–મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯)**

**પ્રાસંગીક**

### પાના ૮ ઉપરનું ચાલું મસમોટા હોર્ડિંગની માયાજાળ

શહેરનાં પાદરસમા વિસ્તારમાં આવેલ ઠેબી જળાશય તાબાની સિંચાઈ વિભાગની જમીન ઉપર હોર્ડિંગની હારમાળા ઉભી કરવામાં આવી છે. એક તરફ ભયજનક ગોળાઈનું છેલ્લા ૩૦ વર્ષથી કોઈ નિરાકરણ આવ્યુ નથી અને બીજી તરફ ગોળાઈની બગલમાં હોર્ડિંગની હારમાળા ઉભી કરી દેવાતાં વાહન અકસ્માત થવાની સંભાવના જોવા મળી રહી છે.

હોર્ડિંગ કયાં નિયમોને આધીન અને પાલિકા, માર્ગ–મકાન વિભાગ કે સિંચાઈ વિભાગની મંજૂરી વગર ઉભા કરાયા છે કે કેમ તે અંગે પાલિકાનાં ચીફ ઓફિસરે એક ખાસ ટીમની રચના કરીને શહેરમાં નાના–મોટા જેટલા પણ હોર્ડિંગ લાગ્યા છે તે અંગેની ચકાસણી કરીને ગેરકાયદેસર રીતે લાગેલ તમામ હોર્ડિંગને દૂર કરવા અને હોર્ડિંગ લગાવનાર વિરૂધ્ધ નિયમાનુસાર કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.


**જાહેર નોટિસ**

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૫૭/૨૦૨૬

**અરજદારશ્રી :** ૧) કલા દામોદરદાસ મશરૂ W/O હસમુખરાય પોપટ રહે.સત્યા સ્વરૂપ સી.એલ.એસ.એલ. ટીડી કાર્ટર રોડ, રોડ નં. ૨, બી.એમ.સી. હોસ્પિટલ સમોર બોરીવલી, મુંબઈ–૪૦૦૦૨૬

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** જન્મ–મરણ અધિકારીશ્રી, નગરપાલીકા કચેરી સાવરકુંડલા, તા. સાવરકુંડલા

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કલા દામોદરદાસ મશરૂનો **જન્મ તા. ૨૫/૦૯/૧૯૫૫ના રોજ મુ.તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નગરપાલીકા/ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૬/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**


### ભાવનગરથી લગ્ન કરી પરત જામનગર જતી વેળા

## ચાવંડ નજીક ખાનગી બસ પલ્ટી જતાં પાંચ મુસાફરોને સામાન્ય ઈજાઓ

### સ્થાનિકો, પોલીસ દ્વારા બચાવ કામગીરી કરાઈ



અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ચાવંડ ગામ નજીક એક ખાનગી બસ પલ્ટી જવાની ઘટના સામે આવી છે. ભાવનગરથી લગ્ન પ્રસંગ પૂર્ણ કરીને જામનગર પરત ફરી રહેલી બસ ચાવંડ ગામ પાસે ગોળાઈમાં પલ્ટી જતા અકસ્માત સર્જાયો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ પાંચ મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોંચી છે.

આ બનાવમાં મળતી માહિતી મુજબ એક સિંધી પરિવાર લગ્ન પ્રસંગ પૂર્ણ કરીને ભાવનગરથી જામનગર પરત ફરી રહ્યો હતો ત્યારે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ચાવંડ ગામ નજીક રોડની ગોળાઈમાં ડ્રાઈવરે સ્ટેરીંગ ઉપરનો કાબૂ ગુમાવતા બસ અચાનક પલ્ટી ગઈ હતી. અકસ્માત થતા બસમાં બેઠેલા મુસાફરોમાં ગભરાટ ફેલાય ગયો હતો.

આ અકસ્માતમાં ખુશીબેન સંતાણી (ઉં.વ. ૨૨), કિશોરભાઈ સંતાણી (ઉં.વ. ૫૮), જયોતિબેન પ્રકાશભાઈ (ઉં.વ. ૪૮), દ્રોપદીબેન સુરેશભાઈ સંતાણી (ઉં.વ. ૫૩) તથા રવિભાઈ સંતાણી (ઉં.વ. ૬૬) મળી કુલ ૫ વ્યકિતઓને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે લાઠી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જયાં તેમની સારવાર ચાલી રહી છે. સદનસીબે અકસ્માત ગંભીર હોવા છતાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી જેને લઈને મુસાફરો અને તેમના પરિવારજનોમાં હાશકારો ફેલાયો છે. સ્થાનિક લોકો અને રાહદારીઓની મદદથી બચાવ કામગીરી હાથ ધરાઈ હતી. હાલ તમામ ઈજાગ્રસ્તોની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

## લીલીયા : શિવશકિત ક્રેડિટ કો–ઓપરેટિવ સોસાયટીનાં બાકીદારને ૨ વર્ષની સજા



લીલીયા, તા. ૩૦

લીલીયા મોટાની શિવશક્તિ મહિલા ક્રેડિટ કો–ઓપરેટિવ સોસાયટીમાંથી સભાસદ ઈન્દુબેન રાજુભાઈ મકવાણાએ ધિરાણ મેળવી હપ્તા નહીં ભરતાં માંગણીની નોટિસ આપતા આ બાકીદારએ વ્યાજ તથા મુદ્લની ગણતરી કરી ઈન્દુબેન રાજુભાઈ મકવાણાએ ચેક રૂા. ૫૬,૬૧૬નો આપેલ જે ચેક રિટર્ન થતા મંડળીના ચેરમેન રેખાબેન પરસોતમભાઈ ગાયજન અને મંડળીના લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા અદાલતના ફોજદારી કેસ નંબર :– ૨૧/૨૦૨૫ નો દાખલ કરતા કેસ ચાલી જતા ૨ વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ વ્યાજ સહિત રૂપે મંડળીને ચૂકવવા આદેશ કરેલ છે.

આરોપીઓ નામદાર અદાલતમાં ગેરહાજર રહેલ હોય જેથી આરોપી સામે સજા વોરંટ ઈસ્યુ કરી પોલીસ ઈન્સ્પેકટર લીલીયાને ધરપકડ કરી જેલ હવાલે કરવા આદેશ કરવામાં આવેલ છે.

### પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં કોટડાપીઠા ગામે

ઈજાગ્રસ્ત બાબભાઈ ખાચરને તાત્કાલિક સારવાર માટે પ્રથમ સ્થાનિક હોસ્પિટલમાં અને બાદમાં વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમિયાન તેમની તબિયત બગડતા અંતે તેમનું મોત નિપજયું હતું.

આ ઘટનાને પગલે બાબરા પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસના આધારે રમેશ ગોરધન સોલંકી સામે ગુનો નોંધાઈ તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હોવાનું પોલીસ દ્વારા જાણવા મળ્યુંછે. પોલીસ સમગ્ર મામલે વધુ તપાસ કરી રહી છે અને ઘટનાને લઈ વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.


**નામ બદલાવેલ છે**

હું આથી જાહેર કરનાર, **જીતેશકુમાર ધીરજલાલ મકવાણા**. મારૂ જુનું નામ **જીતેશકુમાર ધીરૂભાઈ મકવાણા**થી બદલીને **જીતેશકુમાર ધીરજલાલ મકવાણા** કરવામાં આવ્યું છે. તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ.


# સાવરકુંડલાના આંગણે શતાબ્દી મહોત્સવની ઉજવણી : બહેનોના રમતોત્સવે જમાવ્યું આકર્ષણ



સાવરકુંડલા સ્થાનિક રમતગમત ક્ષેત્રે ઐતિહાસિક પ્રદાન આપનાર કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિરના શતાબ્દી મહોત્સવ અંતર્ગત તાજેતરમાં એક ભવ્ય 'બહેનોના રમતોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. સો વર્ષની ગૌરવશાળી પરંપરા ધરાવતી આ સંસ્થા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સાવરકુંડલા અને આસપાસના વિસ્તારની બહેનોએ વિવિધ સ્પર્ધાઓમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે સાવરકુંડલાના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ખેલાડી બહેનોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, વ્યાયામ અને રમતગમત એ સ્વસ્થ સમાજની પાયાની જરૂરિયાત છે. તેમની સાથે અન્ય સ્થાનિક આગેવાનોએ પણ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. શતાબ્દી મહોત્સવના આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના મુકુંદભાઈ નાગ્રેચા, દીપકભાઈ શેઠ તેમજ વિનુભાઈ રાવળ સહિતના તમામ કર્મચારીઓ અને સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને પ્રભાવી સંચાલન કેતનભાઈ ખુમાણ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં વિજેતા બહેનોને મહાનુભાવોના હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. એકંદરે ખૂબ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં આ રમતોત્સવ સંપન્ન થયો હતો. ખાસ નોંધનીય બાબત એ હતી કે આ રમતોત્સવમાં ભાગ લેવા છેક અમરેલીથી બહેનો ભાગ લેવા આવેલ કુલ ૩૦૦ જેટલા મહિલા સ્પર્ધકો વચ્ચે ખૂબ રસાકસી સાથે રાત્રિના બારેક વાગ્યે આ કાર્યક્રમમાં સંપન્ન થયો.


# બાબરાની પીએમ તાલુકા શાળામાં રંગોત્સવ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા ખાતે આવેલ પીએમ તાલુકા શાળામાં રંગોત્સવ ૨૦૨૫-૨૬નો ભવ્ય કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં રહેલી સુસુપ્ત પ્રતિભાને ઉજાગર કરવાનો અને તેમના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ રંગબેરંગી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી, શાળાનાં તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. આ સાથે જ યોજાયેલા સ્પોટર્સ ડે, ઈન્ટરનેશનલ રંગોત્સવ સ્પર્ધા તથા વિજ્ઞાન સપ્તાહનાં વિજેતા વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ઈનામો અર્પણ કરી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઉત્સાહ અને પ્રોત્સાહન આપ્યું હતું, જેના કારણે સમગ્ર કાર્યક્રમ આનંદમય અને સફળ બન્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે તાલુકા વિકાસ અધિકારી એસ.વી. રબારી ઉપસ્થિત રહ્યા હતા. તેમજ અતિથિ વિશેષ તરીકે બીઆરસી કો-ઓર્ડિનેટર નીતિનભાઈ ચાવડા, અજયભાઈ હુડદ, દિપકભાઈ કોઠીવાલ સહિત વિવિધ શાળાના આચાર્યશ્રીઓ, સીઆરસી કો-ઓર્ડિનેટરઓ અને એસએમસી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાળાનાં આચાર્ય તથા શિક્ષક સ્ટાફનાં સહયોગથી સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો, અને ઉપસ્થિત મહેમાનો દ્વારા વિદ્યાર્થીઓના ઉત્સાહ અને પ્રતિભાની પ્રશંસા કરવામાં આવી હતી.

# અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના વિદ્યાર્થી પ્રાથમિક સ્કોલરશીપ એક્ઝામમાં તાલુકામાં પ્રથમ



અમરેલી, તા. ૩૦

અમરેલીનું ગૌરવ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલના વિદ્યાર્થીએ ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ પ્રાથમિક સ્કોલરશીપ એકઝામમાં સમગ્ર ગુજરાત રાજયમાંથી ૧૦૦૦ વિદ્યાર્થીઓની મેરીટમાં પસંદગી થયેલ છે. જે સંસ્થામાં ગુજરાતી માધ્યમ ધોરણ-૬માં અભ્યાસ કરતા આદ્રોજા દિવ્યાંસ ઉદયભાઈએ ૧૨૦માંથી ૧૦૧ ગુણ મેળવી અમરેલી તાલુકામાં પ્રથમ સાથેને સિધ્ધી હાંસલ કરી છે, વિદ્યાર્થીની આ સિદ્ધિ પાછળ તેમના સતત પરિશ્રમ, શિક્ષકોના માર્ગદર્શન અને સહકારનો મહવનો ફાળો રહ્યો છે. સાથે ઉપસ્થિત કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી જણાવ્યું કે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના સર્વાંગી શિક્ષણના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં ગજેરા કેમ્પસ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવતી ગુણવત્તાસભર શિક્ષણ સતત મહેનત અને આત્મવિસ સાથે પ્રયત્ન કરવામાં આવે તો કોઈપણ વિદ્યાર્થી પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે. તેમના પ્રેરણાદાયી માર્ગદર્શનથી વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે સતત પ્રયત્નોનું આ ઉત્તમ પરિણામ છે. નોંધનીય છે કે આ સંસ્થામાં ભાઈઓ અને બહેનો માટે અલગ અને સુવ્યવસ્થિત નિવાસ વ્યવસ્થા ઉપલબ્ધ છે. ભોજનાલયથી લઈને રવિવારના મોટિવેશનલ કાર્યક્રમો, ફિલ્મ શો તેમજ વિવિધ ઉજવણી કાર્યક્રમો પણ ભાઈઓ અને બહેનો માટે અલગ-અલગ આયોજન સાથે સુચારૂ રીતે સંચાલિત કરવામાં આવે છે. તેમજ વાલીઓમાં સંસ્થાની સુવ્યવસ્થિત વ્યવસ્થા અને ગુણવત્તાયુકત શિક્ષણ પ્રત્યે વિસ મજબૂત બન્યો છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ તથા મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિદ્યાર્થીને અભિનંદન પાઠવાયા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### કે.પી. ધોળકીયા, શ્રીમતી યુ.બી. ભગત સહિતની

# અમરેલીનાં પટેલ સંકુલની વિવિધ કોલેજોની વિદ્યાર્થીનીઓ માટે વિદાય કાર્યક્રમ યોજાયો

### સ્ટાફગણ દ્વારા વિદ્યાર્થીનીઓને પ્રેરણાત્મક માર્ગદર્શન અપાયુ



અમરેલી, તા. ૩૦

અમરેલી કે.પી. ધોળકીયા ઈનફોટેક મહિલા કોલેજ, લેઉવા પટેલ ટ્રસ્ટ બી.બી.એ. મહિલા કોલેજ, શ્રીમતી યુ.બી. ભગત સાયન્સ મહિલા કોલેજ, શ્રીમતી આર.કે. વઘાસીયા કોમર્સ મહિલા કોલેજ, અમરેલી ખાતે કોલેજની વિદ્યાર્થીનીઓ માટે વિદાય કાર્યક્રમ યોજાયો હતો. સ્ટાફ દ્વારા વિદ્યાર્થીનીઓને જીવન માટે પ્રેરણાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓએ પણ પોતાના હોસ્ટેલ અને વિદ્યાર્થી જીવનનાં સંસ્મરણો વહેચ્યા હતા. અંતે સૌએ સાથે મળીને ઠંડા પીણાનો આનંદ લઈ શુભેચ્છાઓ સાથે કાર્યક્રમ પુર્ણ કર્યો.

### 'વેલકમ જિંદગી' શિર્ષક હેઠળ

# અમરેલી ખાતે શ્રી સોરઠીયા દરજી જ્ઞાતિના વડીલો માટે કાર્યક્રમ યોજાયો

### વડીલો ખુશીથી ઝુમી ઉઠયા



અમરેલી, તા.૩૦

અમરેલીમાં વસતા દરજી જ્ઞાતિના સિનિયર સિટીઝન વડીલો માટે ''વેલકમ જીંદગી'' કાર્યક્રમ અમરેલીના અજમેરા બેંકવેટ હોલ ખાતે યોજાયો

આ કાર્યક્રમમાં સૌ પ્રથમ વડીલોનું પ્રવેશતા થતા વડીલોનું ખેસ પહેરાવી અને પુષ્પ વર્ષા કરી તેમનું સ્વાગત કરવામાં આવ્યું. પછી તેમને માન સન્માન સાથે તેમનું સ્થાન ગ્રહણ કરાવ્યું.

આ કાર્યક્રમમાં બધા વડીલો સાથે મળ્યા વાતચીત કરી અને સાથે મળી ચર્ચા વિચારણાની ગોસ્ટી પણ કરી તેમને મનગમતી પ્રવૃત્તિઓ અને રમત રમાડીને તેમને તેમનું બાળપણ યાદ અપાવ્યુ બધા વડીલોને ગીત સંગીત સાથે પણ એન્જોય કરાવ્યું.અને છેલ્લે બધા વડીલો સાથે મળીને ભોજન ગ્રહણ કર્યુ.

# ગુજરાત વન વિભાગમાં મોટાપાયે ફેરબદલ થઈ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા રાજ્યભરમાં ફરજ બજાવતા વર્ગ-૨ના રેન્જ ફોરેસ્ટ ઓફિસર(RFO)ની મોટાપાયે બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ સત્તાવાર સૂચના અનુસાર, રાજ્યના વિવિધ વન વિભાગોમાં કાર્યરત અધિકારીઓની સામૂહિક બદલી કરવામાં આવી છે. વન અને પર્યાવરણ વિભાગના નાયબ સચિવ(સેવા) આસવ ગઢવીના હસ્તાક્ષર હેઠળ બહાર પાડવામાં આવેલી આ યાદીમાં ૩૬૫ અધિકારીઓના નામ સામેલ છે. વિજયનગર રેંજમાંથી દશરથજી મકવાણાની હિંમતનગર વિસ્તરણ રેંજમાં અને પોશીના રેંજમાંથી દીપકકુમાર નિનામાની વનીકરણ મહેસાણા ખાતે બદલી કરવામાં આવી છે. સુરેન્દ્રનગરના વઢવાણ રેંજમાંથી મનુભાઈ મેરની મૂળી વિસ્તરણ રેંજમાં બદલી થઈ છે, જ્યારે મોરબી રેંજના જયદીપસિંહ જાડેજાને રાજકોટ સામાજિક વનીકરણમાં મૂકવામાં આવ્યા છે.

ડાંગ અને વલસાડ જિલ્લાના અનેક અધિકારીઓની પણ ફેરબદલ કરવામાં આવી છે. આહવા (પશ્ચિમ) રેંજના વિનયકુમાર પવારની ચીખલી વિસ્તરણ રેંજમાં બદલી કરવામાં આવી છે.

### સાવરકુંડલા-મહુવા માર્ગ પર ઓવરબ્રિજની કામગીરી શરૂ હોય

# સાવરકુંડલા : અમરેલીથી મહુવા - રાજુલા તરફ જતાં અવરજવર કરતાં વાહનોએ બાયપાસ પરથી પસાર થવું

### નાના વાહનોએ સુચિત રેલ્વે ફાટકનાં સર્વિસ માર્ગ પરથી પસાર થવું

અમરેલી, તા. ૩૦

સાવરકુંડલા-મહુવા રોડ પર ઓવરબ્રીજની કામગીરી શરૂ હોય તમામ વાહન ચાલકોએ વૈકલ્પિક રૂટ અનુસરવાના રહેશે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ વૈકલ્પિક રૂટનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

વૈકલ્પિક રૂટ-૧ અમરેલી હાઈવે તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ મહુવા-રાજુલા તરફ જતા-આવતા તથા મહુવા-રાજુલા તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ અમરેલી તરફ જતા-આવતા ભારે તથા મોટા વાહનોએ સાવરકુંડલા બાયપાસ રોડ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૨ મુજબ સાવરકુંડલા શહેરમાંથી મહુવા-રાજુલા તરફ જતા-આવતા તથા મહુવા-રાજુલા તરફથી સાવરકુંડલા શહેરમાં જતા-આવતા દ્વિચક્રી અને થ્રીચક્રી વાહનોએ સૂચિત બ્રીજ (રેલ્વે ફાટક)ની બંને સાઈડના સર્વિસ રોડ ઉપરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૩ મુજબ સાવરકુંડલા શહેરમાંથી મહુવા-રાજુલા તરફ આવતા-જતા નાના તથા મધ્યમ વાહનોએ માર્કેટિંગ યાર્ડ પાસેના રેલ્વે અંડરપાસમાંથી પસાર થવાનું રહેશે. આ જાહેરનામું તા. ૨૨/૫/૨૦૨૬ સુધી અમલી રહેશે. હુકમના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

### અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત

# કમાણી સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ ગણિત વિષયમાં IIM JAM પરીક્ષા પાસ કરી

### બંને વિદ્યાર્થીઓ સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવે છે



અમરેલી, તા. ૩૦

અમરેલી કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજના ગણિત વિભાગના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તરે કોલેજ અને અમરેલી જિલ્લાનું નામ રોશન કર્યું છે. કોલેજના B.Sc. સેમેસ્ટર-૬ (તૃતીય વર્ષ)માં અભ્યાસ કરતા બે તેજસ્વી વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા લેવલની પ્રતિષ્ઠિત IIM JAM ૨૦૨૬ની પરીક્ષા ગણિત વિષય સાથે પાસ કરી ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

વિશેષ આનંદની વાત એ છે કે આ સિદ્ધિ મેળવનાર બંને વિદ્યાર્થીઓ સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવે છે. જેમાં કુ. ધાધલ ઉર્વશી રણજીતભાઈ તથા ડાભી મહેશ હિમ્મતભાઈ એ પોતાની સખત મહેનત અને પ્રોફેસરોના માર્ગદર્શન હેઠળ આ રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષામાં સફળતા મેળવી છે. આ સફળતા બાદ હવે તેઓ દેશની પ્રતિષ્ઠિત IIT (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી) જેવી સંસ્થાઓમાં તથા અન્ય પ્રતિષ્ઠિત યુનીવર્સીટીઓમાં ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ મેળવી શકશે.આ બંને વિદ્યાર્થીઓને JAM ની પ્રતિષ્ઠિત પરીક્ષા અંગે વિશેષ માર્ગદર્શન કોલેજના ગણિત વિભાગના આસીસ્ટટ પ્રોફેસર ડો. ક્રિષ્ના પુરોહિત તરફથી પૂરું પાડવામાં આવ્યું હતું. ગણિત વિભાગના અધ્યક્ષ નીતાબેન રંગોલીયા તથા અધ્યાપક એસ.એમ. ભાવસાર દ્વારા પણ પ્રેરણા અને પ્રોત્સાહન આપવામાં આવેલ હતું. આ અધ્યાપકોના પ્રયત્નો અને વિદ્યાર્થીઓની લગનને પરિણામે કોલેજે આ ગૌરવ મેળવ્યુ છે.વિદ્યાર્થીઓની આ વિશિષ્ટ સિદ્ધિ બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ અને સર્વોતમ શિક્ષણના સ્વપ્નદ્રષ્ટા વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણા, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને સંસ્થાના સમગ્ર ટ્રસ્ટીઓ, કોલેજના પ્રિન્સિપાલ ચંદ્રાવાડિયા તથા કોલેજના તમામ અધ્યાપકગણે અભિનંદન પાઠવ્યા છે. અમરેલીના શિક્ષણ જગતમાં પણ આ સફળતાને લઈને હર્ષની લાગણી જોવા મળી રહી છે.

# ચલાલાનાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં ૨ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત કરાયા



ચલાલા : યુગ નિમાર્ણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત પ. પૂજય સંત ડો. રતિદાદાના આશિર્વાદ અને ભારતભૂષણ મહેશભાઈ મહેતાના સચોટ માર્ગદર્શન નીચે ચાલતી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય માટે ગૌરવ લેવાય એવી ક્ષણ બની છે. તાજેતરમાં અમરેલી જીલ્લા સ્વનિર્ભર શાળા । સંચાલક મંડળનું અધિવેશન સાસણ મુકામે યોજવામાં આવ્યું હતું. જેમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના બે શિક્ષકો ૧. બાબુભાઈ ભટ્ટી ૨. માનસીબેન સોજીત્રાને 'શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ' આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત રાજય સેલ્ફ ફાઈનાન્સ શાળા સંચાલક મંડળના પ્રમુખ જતીનભાઈ ભરાડ, અમરેલી જીલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ પંકજભાઈ મહેતા, ભરતભાઈ ગાજીપરા, ભાવનગરથી મનહરભાઈ, ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, સંસ્થાના ડાયરેક્ટર શીતલબેન મહેતા સહીત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. બંને શિક્ષકોએ સન્માન માટે સેલ્ફ ફાયનાન્સ સંચાલક મંડળનો આભાર વ્યકત કર્યો હતો અને જણાવ્યું હતું કે આ એવોર્ડ તેમને ભવિષ્યમાં વધુ ઉત્સાહથી કાર્ય કરવા પ્રેરણા આપશે. પૂ.દાદાએ એવોર્ડ મેળવનાર બંને શિક્ષકોને આશીર્વાદ આપી સંસ્થાનું નામ રોશન કરવા બદલ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.





## ઠેબી જળાશયની જમીન સિંચાઈ વિભાગની હોય અને ત્યાં હોર્ડિંગની મંજૂરી આપી કોણે ?

# અમરેલીમાં ભયજનક ગોળાઈનાં માર્ગ ઉપર મસમોટા હોર્ડિંગની માયાજાળ

રાજકોટ તરફ જતાં માર્ગ ઉપર દરરોજ હજારો નાના-મોટા વાહનો ભયજનક ગોળાઈ માર્ગ પરથી પસાર થાય છે

એક તરફ માર્ગ જોખમી અને અધુરામાં પુરૂ કોઈ કંપનીએ આવીને હોર્ડિંગની માયાજાળ ઉભી કરી દીધી

શહેરમાં ગમે ત્યાં હોર્ડિંગ લગાવી દો પાલિકા કે અન્ય વિભાગોને કાર્યવાહી કરવામાં શરમ આવે છે

પાલિકાનાં ચીફ ઓફિસરે એક ખાસ ટીમની રચના કરીને હોર્ડિંગ અંગે તપાસ કરાવવી જરૂરી







અમરેલી, તા. ૩૦

અમરેલી શહેરમાં વહીવટીતંત્રની નિષ્ક્રીયતા અને જનતાની સહનશકિતનાં અભાવે ગમે ત્યાં હોર્ડિંગ લગાવી દો કોઈ પુછવાવાળ જ નથી. શહેરમાં સરકારી જમીનો કે પીજીવીસીએલનાં વીજપોલ ઉપર પણ હોર્ડિંગ જોવા મળી રહ્યા છે. "સબભૂમિ ગોપાલ કી" જેવો માહોલ જોવા મળી રહ્યો છે. વહીવટી તંત્રના અધિકારીઓ વાતાનુકુલિન કચેરીમાં બેસીને ટ્રાફિક નિયમન સહિતનાં નિયમો અંગે ચર્ચા-વિચારણા કરે પરંતુ, ગ્રાઉન્ડમાં કોઈ કાર્યવાહી થતી નથી.

**અનુસંધાન પાના ૬ ઉપર**

### આઝાદીનાં ૮ દાયકા બાદ બ્રોડગેજ લાઈન શરૂ થવાની ગણતરીની ઘડીઓ

## અરે વાહ : અમરેલી-ખિજડીયા વચ્ચે બ્રોડગેજ રેલ્વે લાઈનનાં પરીક્ષણ માટે એન્જિન દોડાવાયુ

**૪૦ કિ.મી.ની ગતિએ એન્જિન દોડયુ : આગામી દિવસોમાં ૧૦૦ની ગતિએ દોડશે**

અમરેલી, તા. ૩૦

ખિજડીયાથી અમરેલી સુધીના રેલ્વે બ્રોડગેજ પરિવર્તન પ્રોજેકટમાં એક મહત્વપૂર્ણ સીમાચિન્હ પ્રાપ્ત થયું છે. આજે ખિજડીયા રેલ્વે સ્ટેશનથી અમરેલી રેલ્વે સ્ટેશન સુધીની નવી બ્રોડગેજ લાઈન પર એન્જિન સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આજે યોજાયેલા પરીક્ષણમાં રેલ્વે એન્જિનને ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડાવવામાં આવ્યું હતું. રેલ્વે અધિકારીઓના જણાવ્યા અનુસાર આગામી એકથી દોઢ મહિનામાં તમામ કામગીરી પૂર્ણ કરી એન્જિનને ૧૦૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડાવવાની તૈયારી છે.

આ ગેજ પરિવર્તન પ્રોજેકટ પશ્ચિમ રેલ્વે હેઠળ હાથ ધરવામાં આવ્યો છે જેનાથી આ વિસ્તારની રેલ્વે કનેકિટવિટીમાં મોટો સુધારો થશે.





આ પરીક્ષણની સફળતાથી અમરેલી અને આસપાસના વિસ્તારના લોકોમાં આનંદની લહેર જોવા મળી રહી છે. ટૂંક સમયમાં આ રૂટ પર નિયમિત ટ્રેન સેવાઓ શરૂ થવાની શકયતા છે.






### ઘણી વખત સામાન્ય ગુસ્સો પણ કોઈકની જીંદગી છીનવી લે

# બાબરાનાં કોટડાપીઠા ગામે ગૌચરની જમીન બાબતે મારામારી થયા બાદ ઈજાગ્રસ્ત એક વ્યકિતનું મૃત્યુ થયુ

**સ્થાનિક પોલીસે હત્યાનો ગુન્હો નોંધી તપાસ આદરી**

બાબરા, તા. ૩૦

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે ગૌચરની જમીન બાબતે થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા મારામારીની ઘટનામાં એક વૃદ્ધનું મોત નિપજયું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે બાબરા પોલીસ દ્વારા હત્યાનો ગુનો નોંધવામાં આવી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ બે દિવસ પહેલા કોટડાપીઠા ગામે ગૌચરની જમીનમાં ખેતી કરવાની બાબતે ગામના બે પક્ષો વચ્ચે બોલાચાલી થયા બાદ મામલો ઉગ્ર બન્યો હતો. વિવાદ દરમિયાન લાકડી



વડે મારામારી થતા બાબભાઈ ખાચર નામના વૃદ્ધને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની ગંભીરતા જોતા

**અનુસંધાન પાના ૬ ઉપર**















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)